દંસણમૂલો ધમ્મો



# આત્મધર્મ



આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૩૩૪

સુખકી સહેલી હૈ
અકેલી ઉદાસીનતા.
અધ્યાત્મની જનની
તે ઉદાસીનતા.

તંત્રી : પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર * સંપાદક : બ્ર. હરિલાલ જૈન
વીર સં. ૨૪૯૭ શ્રાવણ (લવાજમ : ચાર રૂપિયા) વર્ષ ૨૮ : અંક ૧૦
શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

# ધન્ય માર્ગ !
# ધન્ય ગુરુ !
# ધન્ય પ્રભુતા !



આજે કોઈ એક અપૂર્વ લાગણીથી પૂ. ગુરુદેવનો ઉપકાર પ્રસિદ્ધ કરતાં મારું અંતર આનંદ અનુભવે છે. રાજકોટમાં સં ૧૯૯૯ના અષાડ સુદ બીજથી ગુરુદેવના ચરણમાં આવ્યાને આજે તો ૨૮–૨૮ વર્ષ થયા...ગુરુદેવના પ્રતાપે મને જે માર્ગ મળ્યો તેનાથી હું મારા જીવનને–મારા આત્માને ધન્ય માનું છું.

અહો, આવા ગુરુને આવો વીતરાગી જિનમાર્ગ, તથા તેને આદરનારા મુમુક્ષુ–જીવોનો સમૂહ –એ બધુ પામીને એક પોતાના આત્માની પ્રાપ્તિ કરવી, શાંતિના પિંડનો અનુભવ કરવો એ જ આપણું સૌનું કામ છે.

તીર્થંકર ભગવાને જે ઉપદેશ દીધો ને જે માર્ગ ચીંધ્યો.....તે જ ઉપદેશ અને તે જ માર્ગ આજે આપણને મળી રહ્યો છે...આવો માર્ગ અને આવો ઉપદેશ જેમના પ્રતાપે મળ્યો તે ગુરુના તે સંતના મહિમાની શી વાત ? જેની પાસે આખું જગત ઓછું છે એવો આત્મા જ જેમના પ્રતાપે પ્રાપ્ત થયો તેમની પાસે ધરવા માટે આત્માથી મહાન કોઈ વસ્તુ જ જગતમાં ક્યાં છે ? અને તેમને કોઈ વસ્તુની અપેક્ષા પણ ક્યાં છે ? તેઓ તો કહે છે કે બસ ! હું મારામાં.....ને તું તારામાં. બન્ને પોતપોતામાં પૂરા પ્રભુ !

ધન્ય માર્ગ ! ધન્ય ગુરુ ! ધન્ય પ્રભુતા !

–હરિ

વાર્ષિક લવાજમ ચાર રૂપિયા

દંસણ મૂલો ધમ્મો

આત્મધર્મ

આત્માર્થીતા
વાત્સલ્ય
દેવગુરુધર્મની સેવા

વીર સં. ૨૪૯૭ શ્રાવણ AUG. 1971

* વર્ષ ૨૮ : અંક ૧૦ *

# * હું તો જ્ઞાતા-દ્રષ્ટા છું *

[ આ આત્મભાવના દાહોદના પ્રસન્નકુમાર મહેન્દ્રલાલ જૈને મોકલી છે ]

અનંત દ્રવ્યો જગમાં વસતા... હું તો જ્ઞાતા દ્રષ્ટા છું.
નિજસ્વરૂપમાં સદાય રહેતો... હું તો જ્ઞાતા દ્રષ્ટા છું.
પરરૂપે તો કદી ન થાતો... હું તો જ્ઞાતા દ્રષ્ટા છું.
સ્વયં પરિણામી નિજ ભાવે... હું તો જ્ઞાતા દ્રષ્ટા છું.
નવ પરિણમાવતો હું કોને... હું તો જ્ઞાતા દ્રષ્ટા છું.
સ્વ-પર તત્ત્વનો જ્ઞાયક એવો... હું તો જ્ઞાતા દ્રષ્ટા છું.
નિજપરિણતિને નિજમાં ઢાળી... હું તો જ્ઞાતા દ્રષ્ટા છું.
અનિષ્ટ-સંયોગ કે ઇષ્ટ-વિયોગ હો... હું તો જ્ઞાતા દ્રષ્ટા છું.
દેહાદિકથી ભિન્ન સદાયે... હું તો જ્ઞાતા દ્રષ્ટા છું.
રાગાદિક પરભાવો જુદા... હું તો જ્ઞાતા દ્રષ્ટા છું.
જ્ઞાયકભાવની શ્રદ્ધા કરતો... હું તો જ્ઞાતા દ્રષ્ટા છું.
પરમસુંદર નિજરૂપ દેખતો... હું તો જ્ઞાતા દ્રષ્ટા છું.
ઉપયોગી સદાય સાક્ષી... હું તો જ્ઞાતા દ્રષ્ટા છું.
નિજ અનંત ગુણમાં વસનારો... હું તો જ્ઞાતા દ્રષ્ટા છું.
ગુણી-ગુણમાં ભેદ ન દેખું... હું તો જ્ઞાતા દ્રષ્ટા છું.
જ્ઞેય-જ્ઞાન-જ્ઞાતારૂપ એકજ... હું તો જ્ઞાતા દ્રષ્ટા છું.
સિદ્ધ સ્વરૂપી આતમરામી... હું તો જ્ઞાતા દ્રષ્ટા છું.
મધુર ચૈતન્યરસનો સ્વાદી... હું તો જ્ઞાતા દ્રષ્ટા છું.
નિજઉપયોગે સદાય જીવંત... હું તો જ્ઞાતા દ્રષ્ટા છું.
પરમ-પરિણામિક સ્વરૂપી... હું તો જ્ઞાતા દ્રષ્ટા છું.

# સન્તો બોલાવે છે – મોક્ષના મારગમાં

સ્વાનુભવપૂર્વક અંતરમાં નિજપદને સાધી રહેલા ધર્માત્મા, બીજા જીવોને પણ શુદ્ધચૈતન્યપદ દેખાડીને મોક્ષમાર્ગમાં બોલાવે છે કે અરે જીવો! આનંદમય નિજપદની સાધના કરવા માટે તમે પણ આ માર્ગે આવો... આ માર્ગે આવો.



પોતાનું જે ચૈતન્યપદ છે તેને જે દેખતા નથી,–અનુભવતા નથી, ને રાગાદિને જ નિજપદ માની રહ્યા છે, તે જીવો આંધળા છે,–પોતે પોતાના સ્વરૂપને દેખતા નથી. અહીં તો એવા જીવોને જગાડીને તેમનું શુદ્ધપદ આચાર્યદેવ દેખાડે છે... ને તે તરફ બોલાવે છે.

રે પ્રાણીઓ! અશુદ્ધ રાગાદિ ભાવોને જ નિજરૂપ માનીને તેને જ તમે વેદી રહ્યા છો, તેટલો જ પોતાને માની રહ્યા છો–પણ તે જૂઠું છે, જીવનું સ્વરૂપ તે નથી. જીવ તો શુદ્ધ ચૈતન્યમય છે, તેને ભૂલીને રાગાદિ પર્યાય જેટલો જ પોતાને ન અનુભવો. રાગ તો ઉપાધિ છે, તે માર્ગે ન જાઓ ન જાઓ; એ માર્ગ તમારો નથી, નથી; આ ચૈતન્યસ્વરૂપ તમે છો. આ માર્ગે આવો... આ માર્ગે આવો. આ શુદ્ધ ચૈતન્યપદ તરફ વળો, તેને જ અનુભવો... એ જ તમારો માર્ગ છે. શુદ્ધ–શુદ્ધ (અત્યંત શુદ્ધ) એવા આ ચૈતન્ય પદમાં જ તમારો આનંદ છે, તેને છોડીને બીજે ન જાઓ, તેને છોડીને બીજાને ન અનુભવો.

જેમાંથી ચૈતન્યના આનંદની પરિણતિ ઝરે એવા ચૈતન્યપદને તો અનુભવતો નથી, ને રાગને જ નિજપદ સમજી તેના અનુભવમાં રોકાઈ રહ્યો છે તે તો પરભાવની

માયાજાળમાં ફસાયેલો છે; તે પોતાના ચૈતન્યભાવને ભૂલ્યો છે ને ચાર ગતિના ભવમાં સૂતો છે, જે–જે ભવમાં જે પર્યાયને ધારણ કરે છે તે પર્યાયને જ અનુભવવામાં મશગુલ છે; હું દેવ છું, હું મનુષ્ય છું, હું રાગી છું –એમ અનુભવે છે, પણ એનાથી જુદા પોતાના શુદ્ધ જ્ઞાયકપદને અનુભવતો નથી તે અંધ છે. તે વિનાશી ભાવોરૂપે જ પોતાને અનુભવે છે પણ અવિનાશી નિજપદને દેખતો નથી. તે નિજપદનો માર્ગ ભૂલીને ઊંધા માર્ગે ચડી ગયો છે. સન્તો તેને હાકલ કરે છે કે અરે જીવ! થંભી જા! વિભાવના માર્ગેથી પાછો વળ... એ તારા સુખનો માર્ગ નથી, એ તો માયાજાળમાં ફસાવાનો માર્ગ છે... માટે એ માર્ગેથી રૂક જા અને આ તરફ આવ...આ તરફ આવ. તારું આનંદમય સુખધામ અહીં છે. આ તરફ આવ. દેવ તું નહિં, મનુષ્ય તું નહિ, રાગી તું નહિં, તુ તો શુદ્ધ ચૈતન્ય છો. તારો અનુભવ તો ચૈતન્યમય છે. ચૈતન્યથી જુદું કોઈ પદ તારું નથી–નથી; તે તો અપદ છે, અપદ છે.

અરે, આવું ચૈતન્યપદ દેખીને તેને સાધવા આઠ આઠ વર્ષના કુંવરો રાજપાટ છોડીને વનમાં ચાલ્યા ગયા; અંતરમાં અનુભવેલા ચૈતન્યપદમાં લીન થવા માટે વીતરાગમાર્ગે વિચર્યા. જે ચૈતન્યપદના અનુભવ પાસે ઇન્દ્રાસન પણ અપદ લાગે, તેના મહિમાની શી વાત! અરે, તારું શુદ્ધ ચૈતન્યસ્વરૂપ જેવું છે તેવું જો તો ખરો! અમૃતથી ભરેલું આ ચૈતન્યસરોવર, તેને છોડીને ઝેરના સમુદ્રમાં ન જા. ભાઈ, દુઃખી થવાના રસ્તે ન જા... ન જા. એ પરભાવના માર્ગેથી પાછો વળ... પાછો વળ ને આ ચૈતન્યના માર્ગે આવ રે આવ. બહારમાં તારો માર્ગ નથી, અંતરમાં તારો માર્ગ છે, અંતરમાં આવ...આવ. સન્તો પ્રેમથી તને મોક્ષના માર્ગમાં બોલાવે છે.

અહા, આવા માર્ગે કોણ ન આવે!! કોણ વિભાવને છોડીને સ્વભાવમાં ન આવે? બહારના રાજવૈભવને છોડીને અંતરના ચૈતન્યવૈભવને સાધવા રાજાઓ ને રાજકુમારો અંતરના માર્ગમાં વળ્યા. બહારના ભાવ અનંતકાળ કર્યાં, હવે તે છોડીને અમારું પરિણમન અંદર અમારા નિજપદમાં વળે છે,–હવે એ પરભાવના પંથમાં હું નહિ જાઊં–નહિ જાઊં–નહિ જાઊં; અંતરના અમારા ચૈતન્યપદમાં જ ઢળું છું.–આમ સ્વાનુભૂતિપૂર્વક ધર્મી જીવ નિજપદને સાધે છે......ને બીજા જીવોને પણ કહે છે કે હે જીવો! તમે પણ આ માર્ગે આવો રે આવો. અંતરમાં જોયેલો જે મોક્ષનો માર્ગ, આનંદનો માર્ગ તે બતાવીને સન્તો બોલાવે છે કે હે જીવો! તમે પણ અમારી સાથે આ માર્ગે આવો... આ માર્ગે આવો. અવિનાશીપદનો આ માર્ગ છે... સિદ્ધપદનો આ માર્ગ છે.

મોક્ષાર્થીએ સ્વાદ લેવા યોગ્ય, અનુભવ કરવાયોગ્ય શુદ્ધચૈતન્યપદ એક જ છે, એના સિવાય બીજાું અપદ છે, શુદ્ધજીવનું સ્વરૂપ તે નથી. મોક્ષ એટલે કે પરમ સુખ જોઈતું હોય તેણે નિરંતર આ શુદ્ધપદનો જ અનુભવ કરવો. શું કરવું ને શેમાં ઠરવું? –તો કહે છે કે પોતાના શુદ્ધ ચૈતન્યપદમાં દ્રષ્ટિ કરવી ને તેમાં ઠરવું. શરીર કે ઘર તે તારું પદ નથી, તે તારું રહેઠાણ નથી; સંયોગો તે તારું રહેઠાણ નથી, રાગ તે તારું રહેઠાણ નથી, તારું રહેઠાણ અસંખ્યપ્રદેશી ચૈતન્યરસથી ભરપૂર છે, તે જ તારું નિજપદ છે.–એનો અનુભવ લેવો તે જ મોક્ષનું એટલે ચિરસુખનું કારણ છે. ચિરસુખ એટલે લાંબું સુખ, અનંતકાળનું સુખ, શાશ્વત સુખ, મોક્ષસુખ.

આત્મા પોતે સત્ય અવિનાશી વસ્તુ છે, તેના અનુભવથી થયેલું સુખ શાશ્વત અવિનાશી છે. આત્માનો આનંદ તો પોતામાં છે, પરમાં ક્યાંય આનંદ નથી. જેમાં આનંદ ન હોય તેને નિજપદ કેમ કહેવાય? નિજપદ તો તેને કહેવાય કે જેમાં આનંદ હોય. જેનો સ્વાદ લેતાં, જેમાં રહેતાં, જેમાં ઠરતાં આત્માને સુખનો અનુભવ થાય તે નિજપદ છે. જેના વેદનમાં આકુળતા થાય તે નિજપદ નથી, તે તો પર પદ છે, આત્માને માટે અપદ છે. તેને અપદ જાણીને તેનાથી પાછા વળો, ને આ શુદ્ધ આનંદમય ચૈતન્યપદ તરફ આવો. સન્તો સાદ પાડીને બોલાવે છે કે આ તરફ આવો–આ તરફ આવો.

જેમાં કોઈ વિકલ્પ નથી એવું આ નિર્વિકલ્પ એક જ ચૈતન્યપદ આસ્વાદવા જેવું છે. સમ્યગ્દર્શનમાં ચૈતન્યનો સ્વાદ છે, સમ્યગ્જ્ઞાનમાં ચૈતન્યનો સ્વાદ છે, સમ્યક્ ચારિત્રમાંય ચૈતન્યનો સ્વાદ છે. રાગનો સ્વાદ રત્નત્રયથી બહાર છે; નિજપદમાં રાગનો સ્વાદ નથી. રાગ એ તો દુઃખ છે, વિપદા છે, ચૈતન્યપદમાં વિપદા નથી. જેમાં આપદા તે અપદ, જેમાં આપદાનો અભાવ ને સુખનો સદ્ભાવ તે સ્વપદ; આનંદસ્વરૂપ આત્માની સંપદાથી જે વિપરીત છે તે વિપદા છે. રાગ તે ચૈતન્યની સંપદા નથી પણ વિપદા છે; આત્માનું તે અપદ છે. જેમ રાજાનું સ્થાન મેલા ઉકરડામાં ન શોભે, રાજા તો સોનાના સિંહાસને શોભે; તેમ આ જીવ–રાજાનું સ્થાન રાગ–દ્વેષ ક્રોધાદિ મલિનભાવોમાં નથી શોભતું, તેનું સ્થાન તો પોતાના શુદ્ધ ચૈતન્યસિંહાસને શોભે છે. રાગમાં ચૈતન્યરાજા નથી શોભતા; એ તો અપદ છે, અસ્થિર છે, મલિન છે, વિરુદ્ધ છે; ચૈતન્યપદ શાશ્વત છે, શુદ્ધ છે, પવિત્ર છે, પોતાના સ્વભાવરૂપ છે. આવા શુદ્ધ સ્વપદને હે જીવો! તમે જાણો...તેને સ્વાનુભવ–પ્રત્યક્ષ કરો. આવી નિજપદની સાધના તે મોક્ષનો ઉપાય છે.

અહા, નિજાનંદમાં ડોલતું ચૈતન્યપદ, શાંતરસના પિંડરૂપ નિજપદ આ આત્મા પોતે છે. બહારમાં જોવાનો રસ છોડીને પોતે પોતાના ચૈતન્યપદને નીહાળતાં પરમ આનંદ થાય છે. એવા આનંદમાર્ગમાં સંતો બોલાવે છે.

(સ. કળશ ૧૩૮–૧૩૯ના પ્રવચનમાંથી)

*****

# રાત્રિભોજન છોડો

ભગવાન રામચન્દ્રનો જીવ પૂર્વે ભરતક્ષેત્રમાં ધનદત્ત નામનો એક વણિક હતો. એકવાર માર્ગમાં અત્યંત થાકેલો તે ધનદત્ત ખેદખિન્ન થઈને સૂર્યાસ્ત પછી કોઈ ધાર્મિક આશ્રમમાં પહોંચ્યો. તેને તરસ ખૂબ લાગી હતી, તેથી ત્યાં કોઈ મહાત્માને જોઈને કહ્યું–આપ પુણ્યકાર્ય કરનારા છો, હું બહુ તરસ્યો છું માટે મને પાણી આપો! ત્યારે તે મહાત્માએ તેને સાન્ત્વના દેતાં મધુરવાણીથી કહ્યું–હે વત્સ! રાત્રિમાં અમૃત પણ પીવું ઉચિત નથી, તોપછી પાણીની તો શું વાત? જ્યારે આંખ પોતાનો વેપાર (દેખવાનું) છોડી દે છે અને આંખથી ન દેખાય એવા સૂક્ષ્મ જીવો જ્યારે ચારેકોર ફરતા હોય છે– એવા અંધકારમાં રાત્રિસમયે તું ભોજન–પાન ન કર. હે બંધુ! કષ્ટ થાય તોપણ તું રાત્રિભોજન ન કર. રાત્રિભોજન કરીને દુઃખથી ભરેલા સંસારસમુદ્રમાં ન પડ.

ધર્માત્માની અમૃત જેવી મધુરવાણી સાંભળતાં ધનદત્તનું મન શાંત થઈ ગયું, ને પ્રસન્નતાથી તેના ચિત્તમાં દયા પ્રગટી. તેથી તેણે રાત્રિભોજન છોડીને અહિંસાદિ અણુવ્રત ધારણ કર્યા અલ્પશક્તિને લીધે તે મહાવ્રત ધારણ કરી ન શક્યા. અણુવ્રતસહિત દેહ છોડીને તે સ્વર્ગનો દેવ થયો.–બંધુઓ, આ ધનદત્તનો જીવ એ જ આગળ જતાં આપણા ભગવાન રામચંદ્રજી થયા. તેમના પ્રસંગ ઉપરથી તમે પણ રાત્રિભોજન છોડો.

(–પદ્મપુરાણ પૃ–૩૦૧ નવું)

# સિંહના બચ્ચાંની વાત

* * * * *

સિંહનું એક નાનું બચ્ચું હતું. ભૂલથી તે બકરીના ટોળામાં ભળી ગયું; ને પોતાનું સિંહપણું ભૂલીને પોતાને બકરું જ માનવા લાગ્યું. એકવાર બીજા સિંહે તેને દીઠું. ને તેને તેના સિંહપણાનું ભાન કરાવવા સિંહનાદ કર્યો.



સિંહની ગર્જના સાંભળતાં જ બકરાં તો બધાય ભાગ્યા, પણ આ સિંહનું બચ્ચું તો નિર્ભયપણે ઊભું રહ્યું, સિંહના અવાજની બીક એને ન લાગી. ત્યારે બીજા સિંહે તેની પાસે આવીને પ્રેમથી કહ્યું–અરે બચ્ચા! તું બકરું નથી, તું તો સિંહ છો. દેખ, મારી ત્રાડ સાંભળીને બકરાં તો બધા ભયભીત થઈને ભાગ્યા, ને તને કેમ બીક ન લાગી?–કેમકે તું તો સિંહ છો... મારી જાતનો જ છો. માટે બકરાનો સંગ છોડીને તારા સિંહ–પરાક્રમને સંભાળ.

વળી વિશેષ ખાતરી કરવા તું ચાલ મારી સાથે, ને આ સ્વચ્છ પાણીના ઝરામાં તારું મોઢું જો વિચાર કર કે તારું મોઢું કોના જેવું લાગે છે? મારા જેવું (એટલે કે સિંહ જેવું) લાગે છે કે બકરા જેવું?

હજી વિશેષ લક્ષણ બતાવવાં સિંહે કહ્યું કે તું એક અવાજ કર...અને જો કે તારો અવાજ મારા જેવો છે કે બકરા જેવો? સિંહના બચ્ચાએ જ્યાં ત્રાડ પાડી ત્યાં

તેને ખાતરી થઈ કે હું સિંહ છું; પાણીના સ્વચ્છ ઝરણામાં પોતાનું મોઢું જોઈને પણ તેને સ્પષ્ટ દેખાણું કે હું તો સિંહ છું. ભ્રમથી જ સિંહપણું ભૂલી, મારી નિજશક્તિને ભૂલીને મને બકરા જેવો માની રહ્યો હતો.

આ તો એક દ્રષ્ટાન્ત છે; તેમ, સિંહ જેવો એટલે કે સિદ્ધભગવાન જેવો જીવ પોતાના સાચા રૂપને ભૂલીને પોતાને બકરીનાં બચ્ચાં જેવો દીન–હીન–રાગી–પામર માની રહ્યો છે. ધર્મકેસરી એવા સર્વજ્ઞ પરમાત્મા પોતે સર્વજ્ઞ થઈને દિવ્યવાણીરૂપી સિંહનાદથી તેને તેનું પરમાત્માપણું બતાવે છેઃ અરે જીવ! જેવા અમે પરમાત્મા છીએ એવો જ તું પરમાત્મા છો; બંનેની એક જ જાત છે. ભ્રમથી તેં પોતાને પામર માન્યો છે ને તારા પરમાત્માપણાને તું ભૂલ્યો છો. પણ અમારી સાથે તારી મુદ્રા (લક્ષણ) મેળવીને જો તો ખરો, તો તને ખાતરી થશે કે તું પણ અમારા જેવો જ છો. સ્વસંવેદન–વડે તારા સ્વચ્છ જ્ઞાનસરોવરમાં દેખ તો તને તારી પ્રભુતા તારામાં સ્પષ્ટ દેખાશે. સ્વસન્મુખ વીર્ય ઉલ્લસાવીને શ્રદ્ધારૂપી સિંહનાદ કર, તો તને ખાતરી થશે કે હું પણ સિદ્ધપરમાત્મા જેવો છું, મારામાંય સિદ્ધ જેવું પરાક્રમ ભર્યું છે! પ્રભુતાથી ભરેલો તારો આત્મા પોતાના ઉત્પાદ–વ્યય–ધ્રુવમાં અનંત સ્વભાવોસહિત પરિણમી રહ્યો છે. આવા ચૈતન્યતત્ત્વનું ભાન કરતાં જ નિજવીર્યથી આત્મા જાગી ઊઠે છે, ને પોતાના ચિદાનંદસ્વભાવની સન્મુખ થઈ ચાર ગતિનો અભાવ કરીને પોતાના સાચા સ્વાંગરૂપ સિદ્ધપદને પામે છે.

* * * * *

## સ્વભાવ - મહેલ

હે ચૈતન્યરાજા! શાસ્ત્રો અને સન્તો તને તારા સ્વભાવનો મહેલ બતાવે છે, તારા સ્વભાવ–મહેલમાં ભરેલાં નિધાન બતાવીને તને સ્વમાં લક્ષ કરાવે છે, ને પરનો મહિમા છોડાવે છે. પરનું માહાત્મ્ય છોડીને સ્વમહિમામાં લીન થવું તે જ વીતરાગી શાસ્ત્રોનું તાત્પર્ય છે.

ભેદજ્ઞાનના બળે જેઓ નિજમહિમામાં લીન થાય છે તેઓ જ શુદ્ધાત્મતત્ત્વને પામીને કર્મોથી મુક્ત થાય છે. અહા, ચૈતન્યમહેલમાં જઈને 'આત્મવૈભવ' ને લક્ષમાં લ્યે તો તેમાં લીનતા થયા વગર રહે નહીં, ને પરનો મહિમાં આવે નહીં. – 'આત્મવૈભવ' માંથી.

# વિપુલાચલ પર વીરનાથનો ઉપદેશ

**વીરની એ વાણી કહે છે કે વાણી તરફનો**
**વિકલ્પ છોડીને તારા ચૈતન્યતત્ત્વને ધ્યાવ.**

[ અષાડ વદ એકમ ( શાસ્ત્રીય શ્રાવણ વદ એકમ ) ના પ્રવચનમાંથી ]

અંતિમ તીર્થંકર મહાવીર ભગવાનને કેવળજ્ઞાન થયા પછી, રાજગૃહીનગરીમાં વિપુલાચલ પર્વત પર ગણધરોની ઉપસ્થિતિમાં પહેલવહેલો દિવ્યધ્વનિ આજે છૂટયો, તે ઝીલીને અનેક જીવો ભાવશ્રુતરૂપે પરિણમ્યા ને ધર્મ પામ્યા. ગણધરદેવે તે વાણી ઝીલીને બારઅંગરૂપે રચના કરી. તેનો સાર આ નિયમસાર–સમયસારાદિ પરમાગમોમાં છે.

અહીં નિયમસાર કલશ ૯૨માં વચનગુપ્તિનું વર્ણન કરતાં કહે છે કે અહો ભવ્ય જીવો! સમસ્ત વચનવિલાસથી પાર એવા શુદ્ધ સહજ ચૈતન્યથી વિલસતા આત્માનું એકનું જ ધ્યાન કરવા જેવું છે. એના ધ્યાન વડે જ અનંત આનંદસુખની ખાણ પ્રાપ્ત થાય છે.

જુઓ, આજે શાસનનું બેસતું વર્ષ છે, અને દિવ્ય વાણીનો મંગલ દિવસ છે; તે વાણીમાં ભગવાને શું કહ્યું? વાણી તરફનું લક્ષ છોડવાનું તે વાણીએ કહ્યું; વાણીના વિકલ્પોથી પાર સહજ ચૈતન્યતત્ત્વ અંતરમાં છે, તેની સન્મુખ થઈને તેને ધ્યાવો...વાણી કે વિકલ્પ તે કાંઈ ધ્યેય નથી. ધ્યેય તો અંતરમાં ચિદાનંદ તત્ત્વ છે.

ભાઈ, આનંદની ખાણ તો તારા અંતરમાં છે; વાણીમાં કાંઈ તારો આનંદ નથી. ભગવાનની વાણી પણ એમ કહે છે કે તું તારી સન્મુખ જો...અમારી સન્મુખ ( વાણીસન્મુખ, કે પરસન્મુખ ) ન જો. મુક્તિનો ઉપાય તો અંતરમાં ચૈતન્યચમત્કારરૂપ સ્વતત્ત્વનું ધ્યાન કરવું તે જ છે. બાકી તીર્થંકર–ભગવાન સામે જોવું તેમાં પણ વિકલ્પ છે. આનંદરૂપ જે મોક્ષ તેનો માર્ગ

તો સ્વદ્રવ્યાશ્રિત પોતામાં છે, પરના આશ્રયે મોક્ષનો માર્ગ નથી.

અરે જીવ ! તું જગતની સામે કાં જો ! અંતરમાં તારો ચૈતન્યભગવાન ચમત્કારિક વસ્તુ બિરાજે છે તેની સામે જોને ! તેને જોતાં તને શાંતિ અને આનંદ થશે. બાકી પરની સન્મુખતા તે તો રાગની ખાણ છે; આનંદની ખાણ સ્વસન્મુખતામાં છે. સ્વતત્ત્વનું ચિંતન છોડીને પરતત્ત્વના વિકલ્પોમાં તો રાગ–દ્વેષરૂપ અંધકાર છે; ચૈતન્યપ્રકાશ તો પોતાના સ્વરૂપના ધ્યાનમાં છે. એવું ધ્યાન થતાં વચન તરફના વિકલ્પો રહેતા નથી; વચન તરફની બાહ્યવૃત્તિ જ નથી રહેતી, એટલે તેણે વચનનો ત્યાગ કર્યો એમ કહેવાય છે. આવી વચન–ગુપ્તિ તે મુક્તિનું કારણ છે.

બાહ્ય અને અંતરના વચન–વિકલ્પોને છોડીને ઉપયોગને પરમાત્મસ્વરૂપમાં જોડવો તે યોગ–સમાધિ છે; તે જ પરમાત્મસ્વરૂપને પ્રકાશનાર પ્રદીપ છે. વિકલ્પોમાં પરમાત્મસ્વરૂપ નથી પ્રકાશતું. અરે, ભગવાનની વાણી તરફનો વિકલ્પ પણ જ્યાં છોડવા જેવો કહ્યો ત્યાં બીજા બહારના વિકલ્પોની તો શી વાત ! જો બહારના આશ્રયે ધર્મ માનીને તે બહારની સામે જ જોયા કરે તો અંતરમાં પોતાની સામે ક્યારે જુએ ? ને પોતાના સ્વરૂપમાં ઉપયોગ જોડયા વગર ધર્મ કે સમાધિ–ગુપ્તિ ક્યાંથી થાય ? માટે જિનવાણીમાં એવો ઉપદેશ છે કે સમસ્ત વચનવિકલ્પોથી પાર થઈને અંતરમાં પોતાના સહજ અતીન્દ્રિય ચૈતન્યતત્ત્વને એકને જ ધ્યાવો,–આ મોક્ષનો માર્ગ છે; આ વિપુલાચલ પરથી વીરનાથનો ઉપદેશ છે.

* * * * *

કાયવિકારને એટલે કે સમસ્ત સંકલ્પ–વિકલ્પોને છોડીને જે ફરીફરીને શુદ્ધાત્માની સમ્યક્ભાવના કરે છે, તેનો જ જન્મ સંસારમાં સફળ છે.

કાયાની મમતા છોડીને, અને તેના તરફનો વિકલ્પ પણ છોડીને
ચૈતન્યસ્વરૂપને ધ્યાવવામાં જે તત્પર છે તે ધર્માત્માને
ફરીને કાયા નહીં મળે; કાયાથી પાર એવા
અશરીરી સિદ્ધપદને તે પામશે.

*

# સમ્યગ્દર્શનના આઠ અંગની કથા

**સમકિતસહિત આચાર હી સંસારમેં ઈક સાર હૈ,**
**જિનને કિયા આચરણ ઉનકો નમન સોસો વાર હૈ;**
**ઉનકે ગુણોંકે કથનસે ગુણગ્રહણ કરના ચાહિએ,**
**અરૂ પાપિયોંકા હાલ સુનકે પાપ તજના ચાહિએ.**

[ પ્રથમ નિઃશંકઅંગમાં પ્રસિદ્ધ અંજનચોરની કથા, બીજી નિઃકાંક્ષઅંગમાં પ્રસિદ્ધ સતી અનંતમતિની કથા, ત્રીજી નિર્વિચિકિત્સા–અંગમાં પ્રસિદ્ધ ઉદાયન રાજાની કથા તથા ચોથી અમૂઢ દ્રષ્ટિ–અંગમાં પ્રસિદ્ધ રેવતીરાણીની કથા આપે વાંચી; પાંચમી કથા આપ અહીં વાંચશો. ]

## ( ૫ ) ઉપગૂહન-અંગમાં પ્રસિદ્ધ જિનેન્દ્રભક્ત શેઠની કથા

પાદલિપ્તનગરમાં એક શેઠ રહેતા હતા; તેઓ મહાન જિનભક્ત હતા, સમ્યક્ત્વના ધારક હતા, અને ધર્માત્માના ગુણોની વૃદ્ધિ તથા દોષોનું ઉપગૂહન કરવા માટે પ્રસિદ્ધ હતા. પુણ્ય પ્રતાપે તેઓ ઘણાં વૈભવસંપન્ન હતા; તેમને સાત માળનો મહેલ હતો, તેમાં સૌથી ઉપરના ભાવમાં એક અદ્ભુત ચૈત્યાલય બનાવ્યું હતું; તેમાં રત્નમાંથી બનાવેલ ભગવાન પાર્શ્વનાથની મનોહર મૂર્તિ હતી, તેના ઉપર રત્નજડિત ત્રણ છત્ર હતા; તે છત્રમાં એક નીલમરત્ન ઘણું જ કિંમતી હતું, અંધારામાં પણ તે ઝગઝગાટ કરતું હતું.

હવે સૌરાષ્ટ્રના પાટલિપુત્ર નગરનો રાજકુમાર–કે જેનું નામ સુવીર હતું અને કુસંગને લીધે જે દૂરાચારી તેમ જ ચોર થઈ ગયો હતો, તેણે એકવાર શેઠનું જિનમંદિર જોયું અને તેનું મન લલચાયું.–ભગવાનની ભક્તિથી નહિ, પરંતુ કિંમતી નીલમ રત્નની ચોરી કરવાના ભાવથી.

તેથી તેણે ચોરલોકોની સભામાં જાહેર કર્યું કે જે કોઈ તે જિનભક્ત શેઠના મહેલમાંથી ઉપરનું રત્ન લાવી આપશે તેને મોટું ઈનામ મળશે.

સૂર્ય નામનો એક ચોર તે માટે તૈયાર થઈ ગયો; તેણે કહ્યું–અરે, ઇન્દ્રના મુગટમાં રહેલું રત્ન પણ હું ક્ષણભરમાં લાવી દઉં! તો આમાં શી મોટી વાત છે?

પણ, મહેલમાંથી એ રત્નને ચોરવું એ કાંઈ સહેલી વાત ન હતી; તે ચોર કોઈ રીતે ન ફાવ્યો, તેથી છેવટે એક ત્યાગીશ્રાવકનો કપટી વેષ ધારણ કરીને તે શેઠના ગામમાં પહોચ્યોં; તેની બોલવાની છટાથી, તેમજ વ્રત–ઉપવાસ વગેરેના દેખાવથી લોકોમાં તે પ્રસિદ્ધ થવા લાગ્યો; અને તેને ધર્માત્મા સમજીને જિનભક્ત શેઠે પોતાના ચૈત્યાલયની દેખરેખનું કામ તેને સોંપ્યું, ત્યાગીજી તો એ નીલમણીને દેખતાં આનંદ–વિભોર થઈ ગયા......ને વિચારવા લાગ્યા કે ક્યારે લાગ મળે, ને ક્યારે આ લઈને ભાગું?

એવામાં શેઠને બહારગામ જવાનું થયું. તેથી તે બનાવટી શ્રાવકને ચૈત્યાલય સાચવવાની ભલામણ કરીને શેઠે પ્રસ્થાન કર્યું ને ગામથી થોડે દૂર જઈને પડાવ નાંખ્યો.

રાત પડી....સૂર્યચોર ઊઠયો......નીલમણીરત્ન ખીસામાં નાંખ્યું અને ભાગ્યો.... પણ નીલમણીનો પ્રકાશ છૂપો ન રહ્યો; તે અંધારામાં પણ ઝગઝગતો હતો; આથી ચોકીદારોને શંકા થઈ અને તેને પકડવા તેની પાછળ દોડયા. અરે....મંદિરનો નીલમણી ચોરીને ચોર ભાગે છે...પકડો...પકડો! એમ ચારેકોર દેકારો થયો.

હવે સૂર્યચોરને બચવાનો કોઈ માર્ગ ન રહ્યો, એટલે તે તો જ્યાં જિનભક્ત શેઠનો મુકામ હતો ત્યાં ઘૂસી ગયો. ચોકીદારો તેને પડકવા પાછળ આવ્યા. શેઠ બધો મામલો સમજી ગયા...કે આ ભાઈસાહેબ ચોર છે. પણ, ત્યાગી તરીકે પ્રસિદ્ધ આ માણસ ચોર છે–એમ જો લોકોમાં પ્રસિદ્ધ થશે તો ધર્મની નિંદા થશે–એમ વિચારીને બુદ્ધિમાન શેઠે ચોકીદારોને ઠપકો આપતાં કહ્યું–અરે, તમે લોકો શું કરી રહ્યા છો! આ કોઈ ચોર નથી, આ તો ‘સજ્જન–ધર્માત્મા’ છે. નીલમણી લાવવાનું તો મેં તેને કહ્યું હતું; તમે મફતનો એને ચોર સમજીને હેરાન કર્યો.

શેઠની વાત સાંભળીને લોકો શરમાઈને પાછા ચાલ્યા ગયા. અને આ રીતે એક મૂર્ખ માણસની ભૂલને કારણે ધર્મની નિંદા થતી અટકી.–આને ઉપગૂહન કહેવાય છે. જેમ–એ દેડકાનાં દુષિત થવાથી કાંઈ આખો દરિયો ગંધાઈ જતો નથી, તેમ કોઈ અસમર્થ નબળા મનુષ્ય દ્વારા નાનીશી ભૂલ થઈ જાય તેથી કાંઈ પવિત્ર જૈન–ધર્મ મલિન થઈ જતો નથી.

જેમ માતા ઈચ્છે છે કે મારો પુત્ર ઉત્તમ ગુણવાન થાય; છતાં પુત્રમાં કોઈ નાનોમોટો દોષ દેખાય તો તેને તે પ્રસિદ્ધ નથી કરતી, પણ એવો ઉપાય કરે છે કે તેના ગુણની વૃદ્ધિ થાય. તેમ ધર્માત્માઓ પણ ધર્મનો અપવાદ થાય તેવું કરતા નથી, પણ ધર્મની પ્રભાવના થાય તેવું કરે છે. કોઈ ગુણવાન ધર્માત્મામાં કદાચિત દોષ થઈ જાય તો તેને ગૌણ કરીને તેનાં ગુણોને મુખ્ય કરે છે, ને એકાંતમાં બોલાવી, તેને પ્રેમથી સમજાવી, જેમ તેના દોષ દૂર થાય ને ધર્મની શોભા વધે તેમ કરે છે.

લોકો ચાલ્યા ગયા પછી જિનભક્ત શેઠે પણ તે સૂર્યચોરને એકાંતમાં બોલાવીને ઠપકો આપ્યો, અને કહ્યું–ભાઈ! આવું પાપકાર્ય તને શોભતું નથી; વિચાર તો કર કે તું પકડાયો હોત તો તને કેટલું દુઃખ થાત? માટે આવા ધંધાને તું છોડ!

તે ચોર પણ શેઠના આવા ઉમદા વ્યવહારથી પ્રભાવિત થયો, ને પોતાના અપરાધની માફી માંગતા તેણે કહ્યું–શેઠ! આપે જ મને બચાવ્યો છે; આપ જૈનધર્મના ખરા ભક્ત છો. લોકોની સમક્ષ આપે જ મને 'સજ્જન–ધર્માત્મા' કહીને ઓળખાવ્યો, તો હવે હું પણ ચોરી છોડીને ખરેખર સજ્જન ધર્માત્મા થવાનો પ્રયત્ન કરીશ. ખરેખર, જૈનધર્મ મહાન છે, અને આપના જેવા સમ્યગ્દ્રષ્ટિ જીવો વડે તે શોભે છે.

આ રીતે તે શેઠના ઉપગૂહનગુણને લીધે ધર્મની પ્રભાવના થઈ.

**[આ કથા આપણને એમ શીખવે છે કે સાધર્મીના કોઈ દોષને મુખ્ય કરીને ધર્મની નિંદા થાય તેમ ન કરવું; પણ પ્રેમપૂર્વક સમજાવી તેને તે દોષથી છોડાવવો; અને ધર્માત્માના ગુણોને મુખ્ય કરીને તેની પ્રશંસાદ્વારા ધર્મની વૃદ્ધિ થાય તેમ કરવું.]**

આત્મધર્મમાં આવતી સમ્યકત્વના આઠ અંગની આ કથાઓ સૌને ખૂબ જ ગમી છે ને સમ્યકત્વ પ્રત્યે પરમ બહુમાન જગાડે છે. આઠઅંગની આઠે કથાઓ આ ચાલુ વર્ષમાં જ પૂરી કરવાની હોવાથી આ અંકમાં બે કથાઓ આપવામાં આવી છે.

## ( ૬ ) સ્થિતિકરણ–અંગમાં પ્રસિદ્ધ વારિષેણમુનિની કથા

મહાવીર ભગવાનના વખતમાં રાજગૃહીનગરીમાં શ્રેણીકરાજાનું રાજ્ય હતું. તેમની મહારાણી ચેલણાદેવી, તેનો પુત્ર વારિષેણ, તેને ઘણી સુંદર ૩૨ રાણીઓ હતી; છતાં તે ઘણો વૈરાગી હતો અને તેને આત્માનું જ્ઞાન હતું.

રાજકુમાર વારિષેણ એક વખત ઉદ્યાનમાં ધ્યાન કરતા હતા, એવામાં વિદ્યુત નામનો ચોર એક કિંમતી હાર ચોરીને ભાગતો હતો, તે ત્યાં આવ્યો, તેની પાછળ સિપાઈઓ હતા; પકડાઈ જવાની બીકે તે હાર વારિષેણના પગ પાસે ફેંકીને તે ચોર સંતાઈ ગયો. આથી રાજકુમારને જ ચોર સમજીને રાજાએ તેને ફાંસીની સજા કરી. પણ જ્યારે જલ્લાદે તેના પર તલવાર મારી ત્યારે વારિષેણની ડોકમાં તલવારને બદલે ફૂલની માળા થઈ ગઈ. છતાં રાજકુમાર તો મૌનપણે ધ્યાનમાં જ હતા.

આવો ચમત્કાર દેખીને ચોરને પસ્તાવો થયો. તેણે રાજાને કહ્યું કે ખરો ચોર હું છું, હારની ચોરી મેં કરી છે, આ રાજકુમાર તો નિર્દોષ છે. એ વાત સાંભળી રાજાએ કુંવરની ક્ષમા માંગી અને તેને રાજમહેલમાં આવવા કહ્યું–કેમકે એની માતા એની રાહ જોતી હતી.

પણ વૈરાગી વારિષેણકુમારે કહ્યું–પિતાજી ! આ અસાર સંસારથી હવે બસ થાઓ. આ રાજપાટમાં ક્યાંય મારું ચિત્ત લાગતું નથી; મારું ચિત્ત તો એક ચૈતન્યસ્વરૂપ આત્માને સાધવામાં જ લાગ્યું છે. તેથી હવે તો હું દિક્ષા લઈને મુનિ થઈશ. આમ કહીને એક મુનિરાજ પાસે જઈને તેણે દીક્ષા લીધી.....અને આત્માને સાધવા લાગ્યા.

હવે રાજમંત્રીનો પુત્ર પુષ્પડાલ હતો, તે બાલપણથી જ વારિષેણનો મિત્ર હતો, અને તેના લગ્ન હમણાં જ થયા હતા; તેની સ્ત્રી બહુ સુંદર ન હતી. એકવાર વારિષેણ મુનિ ફરતાં ફરતાં પુષ્પડાલ ત્યાં આવી પહોંચ્યા ને પુષ્પડાલે તેમને વિધિપૂર્વક આહારદાન કર્યું...આ પ્રસંગે, પોતાના પૂર્વના મિત્રને ધર્મ પમાડવાની ભાવના તે મુનિરાજને જાગી. આહાર કરીને તેઓ તો જંગલ તરફ જવા લાગ્યા; વિનય ખાતર પુષ્પડાલ પણ તેમની પાછળ પાછળ ગયો. થોડે દૂર ગયા પછી તેને એમ થયું કે હવે મુનિરાજ રોકાઈ જવાનું કહે તો હું પાછો વળું. પણ મુનિ તો દૂર ને દૂર ચાલ્યા જ જાય છે.....મિત્રને કહેતા નથી કે હવે તમે રોકાઈ જાવ !

પુષ્પડાલને ઘરે જવાની આકુળતા થવા લાગી. તેણે મુનિરાજને યાદ દેવરાવવાના

હેતુથી કહ્યું કે–આપણે નાના હતા ત્યારે આ તળાવે આવતા અને કેરીના ઝાડ નીચે સાથે રમતા હતા, આ ઝાડ ગામથી બેત્રણ માઈલ દૂર છે......આપણે ગામથી દૂર આવી ગયા છીએ....

–તે સાંભળવા છતાં વારિષેણમુનિએ તેને રોઈ જવાનું ન કહ્યું. અહા, પરમ હિતસ્વી મુનિરાજ એને મોક્ષનો માર્ગ છોડીને સંસારમાં જવાનું કેમ કહે? તેમને તો એમ હતું કે મારો મિત્ર પણ મોક્ષના મારગમાં મારી સાથે જ આવે.–

**હે સખા! ચાલને...મારી સાથ મોક્ષમાં,**
**છોડ પર ભાવને...ઝૂલ આનંદમાં.**
**અમે જશું મોક્ષમાં...કેમ તને છોડશું?**
**ચાલને મોક્ષમાં...તુંય અમ સાથમાં.**

અહા, જાણે કે પોતાની પાછળ પાછળ ચાલનારાને મોક્ષમાં જ લઈ જતા હોય–એમ પરમનિસ્પૃહતાથી મુનિ તો આગળ ને આગળ ચાલ્યા જાય છે. પુષ્પડાલ પણ લાજેશરમે તેમની પાછળ જઈ રહ્યો છે.

અંતે તેઓ આચાર્યમહારાજ પાસે આવી પહોચ્યા ને વારિષેણમુનિએ કહ્યું–પ્રભો! આ મારો પૂર્વનો મિત્ર છે, ને સંસારથી વિરક્ત થઈને આપની પાસે દીક્ષા લેવા આવ્યો છે. આચાર્યમહારાજે તેને નિકટભવ્ય જાણીને દીક્ષા આપી દીધી. અહા, સાચા મિત્ર તો એ છે કે જીવને ભવસમુદ્રથી જે ઉગારે.

હવે, મિત્રના અનુગ્રહવશ પુષ્પડાલ જો કે મુનિ થઈ ગયો, અને બહારમાં મુનિને યોગ્ય ક્રિયાઓ કરવા લાગ્યો; પણ એનું ચિત્ત હજી સંસારથી છૂટયું ન હતું. ભાવ–મુનિપણું હજી તેને થયું ન હતું; દરેક ક્રિયાઓ કરતાં તેને પોતાનું ઘર યાદ આવતું હતું; સામયિક વખતેય તેને વારંવાર પોતાની સ્ત્રીનું સ્મરણ થયા કરતું હતું. વારિષેણમુનિ તેમના મનને સ્થિર કરવા માટે તેની સાથે જ રહીને તેને વારંવાર ઉત્તમ જ્ઞાન–વૈરાગ્યનો ઉપદેશ દેતા હતા. પણ હજી તેનું મન ધર્મમાં સ્થિર થયું ન હતું.

એમ કરતાં કરતાં ૧૨ વર્ષ વીતી ગયા. એક વાર તે બંને મુનિઓ મહાવીર ભગવાનના સમવસરણમાં બેઠા હતા, ત્યારે ઇંદ્રે પ્રભુની સ્તુતિ કરતાં કહ્યું કે હે નાથ! આ રાજપૃથ્વી છોડીને આપ મુનિ થયા તેથી પૃથ્વી અનાથ થઈને આપના વિરહમાં ઝૂરે છે, અને તેના આંસુઓ આ નદીરૂપે વહી રહ્યા છે.

અહા, ઈંદ્રે તો સ્તુતિ વડે ભગવાનના વૈરાગ્યની સ્તુતિ કરી; પણ જેનું ચિત્ત હજી વૈરાગ્યમાં લાગ્યું ન હતું એવા પુષ્પડાલને તો તે શ્લોક સાંભળીને એમ થયું કે અરે! મારી સ્ત્રી પણ એ પૃથ્વીની જેમ બાર વર્ષથી મારા વગર ઝૂરતી હશે ને દુઃખી થતી હશે. મેં બાર વર્ષથી એનું મોઢું જોયું નથી, મને પણ એના વિના ચેન પડતું નથી. માટે ચાલ, એની સંભાળ કરી આવું. થોડો વખત એની સાથે રહીને પછી દીક્ષા લઈ લઈશ.

–આમ વિચારી પુષ્પડાલ તો કોઈને પૂછયા–ગાછયા વગર ઘર તરફ જવા લાગ્યો. વારિષેણમુનિ એની ચેષ્ટા સમજી ગયા, તેમના હૃદયમાં મિત્ર પ્રત્યેનું ધર્મવાત્સલ્ય જાગ્યું, અને કોઈ પણ રીતે તેને ધર્મમાં સ્થિર કરવો જોઈએ–એમ વિચારી તેઓ પણ તેની સાથે ચાલ્યા, અને તેને સાથે લઈને પોતાના રાજમહેલમાં આવ્યા.

મિત્ર સહિત પોતાના કુંવરને મહેલમાં પાછો આવતો દેખીને ચેલણા રાણીને આશ્ચર્ય થયું ને વારિષેણ મુનિદશા ન પાળી શકવાથી પાછો આવ્યો કે શું! એમ તેને સંદેહ થયો. તેથી પરીક્ષા માટે તેણે એક લાકડાનું આસન અને બીજું સોનાનું આસન રાખ્યું; પણ વૈરાગી વારિષેણમુનિ તો વૈરાગ્યપૂર્વક લાકડાના જ આસને બેઠા. આથી વિચક્ષણ ચેલણાદેવી સમજી ગઈ કે કુંવરનું મન તો વૈરાગ્યમાં દ્રઢ છે; તેના આગમનમાં બીજો જ કોઈ હેતુ હશે.

વારિષેણમુનિ આવતાં જ તેની ગૃહસ્થાશ્રમની ૩૨ રાણીઓ પણ દર્શનાર્થે આવી. રાજમહેલનો અદ્ભુત વૈભવ અને આવી સુંદર ૩૨ રૂપયૌવનાઓને દેખીને પુષ્પડાલ તો આશ્ચર્ય પામી ગયો......કે અરે! આવો રાજવૈભવ અને આવી સુંદર ૩૨ રાણીઓ છતાં આ રાજકુમાર તેની સામે પણ નથી જોતો, તેને છોડયા પછી યાદ પણ નથી કરતો, ને આત્માને જ સાધવામાં એણે પોતાનું ચિત્ત જોડી દીધું છે. –વાહ, ધન્ય છે એને! અને હું તો એક સાધારણ સ્ત્રીનો મોહ પણ મનમાંથી છોડી શક્તો નથી. અરેરે! બાર–બાર વર્ષનું મારું સાધુપણું નકામું ગયું.

વારિષેણમુનિએ પુષ્પડાલને કહ્યું: હે મિત્ર! હજી પણ જો તને સંસારનો મોહ હોય તો તું અહીં રહી જા અને આ બધા વૈભવને ભોગવ! અનાદિ કાળથી જે સંસારને ભોગવવા છતાં તૃપ્તિ ન થઈ, તે એઠને હજી પણ તું ભોગવવા માંગતો હો તો......લે, આ બધું તું ભોગવ! વારિષેણની વાત સાંભળીને પુષ્પડાલમુનિ અત્યંત શરમાઈ ગયા, એની આંખ ઉઘડી ગઈ, એનો આત્મા જાગી ઊઠયો.

રાજમાતા ચેલણા પણ બધી પરિસ્થિતિ સમજી ગઈ, અને ધર્મમાં સ્થિર કરવા તેને કહ્યું – અરે મુનિરાજ! આત્માના ધર્મને સાધવાનો આવો અવસર ફરીફરી નથી મળતો. માટે તમારું ચિત્ત મોક્ષમાર્ગમાં જોડો; આ સંસાર તો અનંતવાર ભોગવાઈ ચુક્યો છે તેમાં કિંચિત સુખ નથી...માટે તેનું મમત્વ છોડીને મુનિધર્મમાં તમારા ચિત્તને સ્થિર કરો.

વારિષેણ મુનિરાજે પણ જ્ઞાન–વૈરાગ્યનો ઘણો જ ઉપદેશ આપ્યો......હે મિત્ર હવે તારું ચિત્ત આત્માની આરાધનામાં સ્થિર કર અને મારી સાથે મોક્ષમાર્ગમાં આવ.

પુષ્પડાલે કહ્યું–પ્રભો! તમે મને મુનિધર્મથી પતિત થતો બચાવ્યો છે, ને સાચો બોધ આપીને મને મોક્ષમાર્ગમાં સ્થિર કર્યો છે. સાચા મિત્ર તમે જ છો. આપે ધર્મમાં સ્થિતિકરણ કરીને મહાન ઉપકાર કર્યો છે. હવે મારું મન આ સંસારથી ને આ ભોગોથી ખરેખર ઉદાસીન થયું છે ને આત્માના રત્નત્રય ધર્મની આરાધનામાં સ્થિર થયું છે. સ્વપ્ને પણ હવે આ સંસારની ઇચ્છા નથી, હવે તો અંતરમાં લીન થઈને આત્માના ચૈતન્યવૈભવને સાધશું.

આ પ્રમાણે પ્રાયશ્ચિત કરીને તે પુષ્પડાલ ફરીને મુનિધર્મમાં સ્થિર થયા.....અને બંને મુનિવરો વન તરફ ચાલ્યા....

**[ વારિષેણ મુનિરાજની આ કથા આપણને એમ શીખડાવે છે કે, કોઈ પણ સાધર્મી-ધર્માત્મા કદાચિત શિથિલ થઈને ધર્મમાર્ગથી ડગતો હોય તો તેના પ્રત્યે તિરસ્કાર ન કરવો પણ પ્રેમપૂર્વક તેને ધર્મમાર્ગમાં સ્થિર કરવો. તેને સર્વપ્રકારે સહાય કરીને, ધર્મનો ઉલ્લાસ જગાડીને, જૈનધર્મનો પરમ મહિમા સમજાવીને કે વૈરાગ્યભર્યા સંબોધન વડે, હરકોઈ પ્રકારે ધર્મમાં સ્થિર કરવો. તેમ જ પોતે પોતાના આત્માને પણ ધર્મમાં વધુ ને વધુ સ્થિર કરવો; ગમે તેવી પ્રતિકૂળતામાં પણ ધર્મથી જરાપણ ડગવું નહીં. ]**

# જયપુર–પ્રવચનો (૩)

વૈશાખ–જેઠમાસમાં પૂ. ગુરુદેવ જયપુર પધાર્યા ને મહાન જ્ઞાનપ્રભાવના થઈ; તે દરમિયાન સમયસાર તથા પ્રવચન–સાર ઉપરનાં આત્મલક્ષી પ્રવચનોમાંથી આ ત્રીજો હપ્તો છે.

* * * * *

પ્રવચનસારના મંગલાચરણમાં પંચપરમેષ્ઠી ભગવંતોને નમસ્કાર કરીને, શુદ્ધોપયોગરૂપ સામ્યની પ્રાપ્તિ કરવાનું કહ્યું; કેમકે શુદ્ધોપયોગ તે જ મોક્ષના અતીન્દ્રિયસુખનું સાધન છે.

શુદ્ધોપયોગરૂપ ચારિત્ર છે, તે જ ધર્મ છે. શુભરાગનો પણ તેમાં અભાવ છે.– આવા ચારિત્રરૂપે આત્મા પોતે પરિણમે છે, તેથી આત્મા પોતે જ ચારિત્ર છે. ધર્મરૂપે પરિણમેલો આત્મા તે પોતે ધર્મ છે.

શુભરાગને ચારિત્ર નથી કહેતા, તેને ધર્મ પણ નથી કહેતા; તે તો મોક્ષને વિઘ્ન કરનાર છે. મુનિને શુભરાગ હો ભલે, પણ તેમનું મુનિપણું કે ચારિત્ર કાંઈ તે રાગને લીધે નથી.

ચારિત્ર તો રાગ વગરનો સામ્યભાવ એટલે કે શુદ્ધોપયોગ છે. જેટલી રાગ વગરની શુદ્ધપરિણતિ થઈ તેટલું ચારિત્ર છે, ને તેટલો જ ધર્મ છે; તે જ મોક્ષનું કારણ છે.

જીવને મોહ અને રાગ–દ્વેષ વગરનાં જે શુદ્ધ પરિણામ છે તે ધર્મ છે. રાગનો એક કણ પણ તેમાં ન સમાય.

ધર્માત્માને પોતાના આત્માને સાધવાની એવી ધૂન છે કે હું જ એક છું, અને બીજું કાંઈ મારે માટે છે જ નહિ–એમ સર્વત્ર તે પોતાને એકને જ મુખ્ય દેખે છે. સ્વની અસ્તિમાં પરની નાસ્તિ કરીને, બીજે બધેયથી દ્રષ્ટિ–રુચિ હઠાવીને પોતાના

આત્માની જ રુચિ પુષ્ટ કરે છે. આનું નામ આત્માર્થિતા !

( કામ એક આત્માર્થનું, બીજો નહીં મન રોગ. )

–આવી આત્મરુચિ થાય ત્યારપછી જ ચારિત્ર હોય. ચારિત્ર એટલે આત્માના આનંદમાં પ્રવેશ. આત્માના આનંદમાં પ્રવેશતાં જે વીતરાગ ચારિત્રરૂપ શુદ્ધભાવ પ્રગટયો તે ધર્મ છે, રાગનો તેમાં અભાવ છે.

પરિણામ તે આત્માનો સ્વભાવ છે, તે પરિણામરૂપે આત્મા પોતે પરિણમે છે. આત્મા પોતાના પરિણામમાં તે કાળે તન્મય થઈને પરિણમે છે, તેથી શુદ્ધચારિત્ર–પરિણતિરૂપે થયેલો આત્મા પોતે જ ચારિત્ર છે. ચારિત્રપર્યાયવાળો આત્મા તે પોતે ચારિત્ર છે; આત્માનું ચારિત્ર રાગમાં કે નગ્ન શરીરમાં નથી.

દેહથી ભિન્ન, રાગથી પાર જે પોતાનો શુદ્ધ આત્મા છે તે ધ્યેયને ધર્મી કદી ચુક્તા નથી. આવા આત્માને ધ્યેય કરતાં અતીન્દ્રિય આનંદ થાય છે.

આત્મા સત્ વસ્તુ છે; વસ્તુ સ્વયમેવ પરિણામ–સ્વભાવવાળી છે. આત્માના પરિણામ શુભ–અશુભ ને શુદ્ધ ત્રણ પ્રકારનાં છે; તેમાંથી જે કાળે જે પરિણામરૂપે આત્મા પરિણમે છે તે કાળે તે પરિણામ સાથે તેને તન્મયપણું છે. તેમાથી શુભ ને અશુભ પરિણતિ તો બંધનું કારણ થાય છે એટલે સંસારનું કારણ છે; ને શુદ્ધપરિણતિ તે ધર્મ છે, તે મોક્ષનું કારણ છે.

સર્વજ્ઞની જેને શ્રદ્ધા થઈ તેને જ્ઞાનની રુચિ થઈ, જેને જ્ઞાનની રુચિ થઈ તેને રાગની રુચિ તૂટી ગઈ, એટલે સંસાર છૂટી ગયો, ને મોક્ષમાર્ગ ખુલી ગયો; તેને હવે અલ્પકાળમાં જ મોક્ષદશા થશે. અનંત ભવ તેને હોય નહીં. ભગવાન પણ એમ જ દેખે છે કે આ જીવ જ્ઞાનસ્વભાવનો આરાધક થયો છે અને અલ્પકાળમાં મોક્ષ પામશે. આ રીતે જ્ઞાનના નિર્ણયમાં મોક્ષમાર્ગનો પુરુષાર્થ છે.

જેને જ્ઞાનસ્વભાવની શ્રદ્ધા થઈ તેને કેવળજ્ઞાનની શ્રદ્ધા થઈ, કેમકે કેવળજ્ઞાન તો જ્ઞાનશક્તિમાં પડયું છે. અને કેવળજ્ઞાનની શ્રદ્ધા થતાં જ રાગથી ભેદજ્ઞાન થઈ ગયું. જ્ઞાનપર્યાય અંતર્મુખ થઈને જ્ઞાનસ્વભાવમાં ધૂસી ગઈ ત્યારે આ બધો નિર્ણય થયો, ને તેમાં મોક્ષનો પુરુષાર્થ આવી ગયો.

ભગવાન અરિહંતદેવના આત્માનું સ્વરૂપ ઓળખીને પોતાના આત્મા સાથે તેની મેળવણી કરતાં ધર્મીજીવ એમ જાણે છે કે–

* ભગવાનને પૂરું જ્ઞાન છે ને રાગ જરાય નથી;
* મારી અવસ્થામાં જ્ઞાન અધૂરું છે ને રાગ છે, પણ મારો સ્વભાવ પૂર્ણ જ્ઞાન–સ્વભાવી છે, અને આ રાગ તે મારું સ્વરૂપ નથી. રાગ અને જ્ઞાન બંને ભિન્ન–ભિન્ન છે–આમ પોતામાં ભેદજ્ઞાન થાય છે.

અરિહંત ભગવાનના આત્માને જાણતાં પોતાના આત્મામાં–

**જ્ઞાનસ્વભાવનો સ્વીકાર થાય છે, અને**
**સર્વે શુભાશુભનો નિષેધ થાય છે.**
**રાગાદિ પરભાવોનું કર્તૃત્વ છૂટે છે, અને**
**રાગથી રહિત ચૈતન્યભાવરૂપ પરિણમન થાય છે.**

–આ રીતે સર્વજ્ઞ–અરિહંતદેવ જેવા પોતાના આત્મસ્વરૂપનો નિર્ણય કરીને અંતર્મુખ થતાં નિર્વિકલ્પ સ્વાનુભૂતિ વડે મોક્ષમાર્ગ ઊઘડે છે.

**'જ્ઞાન તે આત્મા' એવો ભેદ 'આત્મા' ને બતાવે છે.**
**'જ્ઞાન તે આત્મા' એવો ભેદ છે તેનું પણ લક્ષ છોડીને**

અભેદ આત્માની અનુભૂતિમાં જવાનું છે.

'રાગ તે આત્મા' એમ ન કહ્યું; અથવા–

**જ્ઞાન તે રાગ-એમ ન કહ્યું;**
**જ્ઞાન તે શરીર-એમ ન કહ્યું;**

પણ બધા પરભાવોનો નિષેધ કરીને 'જ્ઞાન તે આત્મા' એમ કહીને શુદ્ધ આત્માનું લક્ષ કરાવ્યું છે. જે આવું લક્ષ કરે તે વ્યવહાર દ્વારા પરમાર્થને સમજ્યો કહેવાય. આ રીતે આચાર્ય ભગવાને શુદ્ધઆત્મવસ્તુનો અનુભવ કરાવ્યો છે.

અંતરમાં નિર્વિકલ્પ આત્મવસ્તુ પોત વિદ્યમાન છે. તેને અનુભવમાં લેવી એટલે કે પોતે પોતાનો અનેભવ કરવો–તે કાંઈ અશક્ય નથી. તે અનુભવ કેમ થાય? એ વાત સમયસારની ૧૧ મી ગાથામાં બતાવી છે. આ ગાથાના ભાવમાં જૈનસિદ્ધાન્તનો પ્રાણ છે; કેમકે સમ્યગ્દર્શનથી જ જૈનધર્મની શરૂઆત થાય છે અને તેની રીત આમાં બતાવે છે.

**વ્યવહારનયનો વિષય અભૂતાર્થ છે;**
**શુદ્ધનયનો વિષય ભૂતાર્થ છે.**

જેઓ શુદ્ધનયવડે ભૂતાર્થસ્વભાવને એટલે કે શુદ્ધઆત્માને અનુભવે છે તેઓ જ સમ્યગ્દ્રષ્ટિ છે. શુદ્ધનયની આવી અનુભૂતિ તે જ સમ્યગ્દર્શન છે; તે જ સમ્યગ્દર્શન પામવાની એકમાત્ર રીત છે, બીજી કોઈ રીત નથી.

* સમ્યગ્દર્શનમાં વ્યવહારનયનો આશ્રય નથી, કેમકે વ્યવહારનય જે બતાવે છે તે અભૂતાર્થ છે.

* સમ્યગ્દર્શનમાં શુદ્ધનયનો આશ્રય છે, કેમકે ભૂતાર્થસ્વભાવને દેખે છે. ભૂતાર્થ અને શુદ્ધનય બંનેને અભેદ કરીને તેના આશ્રયે સમ્યગ્દર્શન કહ્યું છે.

શુદ્ધનયનો વિષય એવો નથી કે ન સમજાય! તેને કદાચ વચનાતીત કહેવાય, પણ તે કાંઈ જ્ઞાનાતીત નથી, જ્ઞાનગમ્ય છે. જેને ધર્મ કરવો હોય, આત્માનું સ્વરૂપ સમજવું હોય તેને અંતરમાં રાગથી ભિન્ન પોતાનું સ્વરૂપ અનુભવમાં આવી શકે છે, અને તે જ શુદ્ધનય છે. અહીં તેને ભૂતાર્થ કહીને તેના જ આશ્રયે સમ્યગ્દર્શન કહ્યું છે. જેટલા ભેદભંગના વિકલ્પો છે તે કોઈ સમ્યગ્દર્શનમાં નથી, સમ્યગ્દર્શનમાં તે બધાયનો નિષેધ છે.

વ્યવહારના જેટલા પ્રકારો છે તે બધાય આત્માના શુદ્ધસ્વભાવને નથી બતાવતા પણ અભૂતાર્થ ભાવને બતાવે છે, તેથી તે નયને અભૂતાર્થ કહ્યો છે, ને તેના બતાવેલા અભૂતાર્થભાવોના અનુભવ વડે શુદ્ધઆત્મા પ્રતીતમાં આવતો નથી એટલે સમ્યગ્દર્શન થતું નથી. સમ્યગ્દર્શન તો આત્માના શુદ્ધસ્વભાવના અનુભવથી જ થાય છે, ને તે શુદ્ધસ્વભાવને તો શુદ્ધનય દેખે છે. માટે શુદ્ધનયને ભૂતાર્થ કહ્યો છે ને તેના જ આશ્રયે સમ્યગ્દર્શન કહ્યું છે.

આત્માને પરના સંબંધવાળો બતાવે, રાગાદિ અશુદ્ધભાવવાળો બતાવે, કે પર્યાયભેદ કે ગુણગુણીભેદ પાડીને આત્મા બતાવે–તે બધાય પ્રકારના વ્યવહારનો આશ્રય કરતાં શુદ્ધઆત્મા અનુભવમાં નથી આવતો, વિકલ્પો જ અનુભવમાં આવે છે, માટે તે બધાય વ્યવહાર અભૂતાર્થ છે; –એક શુદ્ધનય જ ભૂતાર્થ છે; તે શુદ્ધઆત્માને ગુણ–પર્યાયના ભેદ વગરનો, રાગ વગરનો ને પરના સંબંધ વગરનો અનુભવ કરાવે છે.

સમ્યગ્દર્શન પામવાની રીત શું છે તેની આ વાત છે. સમ્યગ્દર્શન તો અબંધ–ભાવ છે, મોક્ષનું કારણ છે; તેણે અંતરમાં રાગથી પાર વીતરાગી અમૃતસાગર દેખ્યો છે, એના સિવાય બીજે ક્યાંય એને પ્રેમ નથી,–આત્મબુદ્ધિ નથી. સમ્યગ્દ્રષ્ટિની પરિણતિ

ઘણી ગંભીર છે; બહારના સંયોગ અને શુભાશુભ ભાવો હોવા છતાં એના ધ્યેયમાં તો અખંડ શુદ્ધઆત્મા જ વર્તે છે. નિર્વિકલ્પ–અનુભૂતિનો આનંદ એણે વેદી લીધો છે. અહો, આવું ચૈતન્યતત્ત્વ! અંતરમાં આવા તત્ત્વને દેખવું તે સમ્યક્દર્શન છે. તેની રીત કુંદકુંદાચાર્યદેવે આ સૂત્રમાં બતાવી છે; જૈનદર્શનના ગંભીરભાવો આ ગાથામાં ભર્યા છે.

* * *

આ પ્રવચનસારની ૧૩ મી ગાથા વંચાય છે.

આત્માના પરમ સુખને માટે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર કર્તવ્ય છે. તે માટે રાગાદિ સાથેની એકતા તોડીને જ્ઞાનાનંદસ્વરૂપમાં પરિણતિ જોડવી તે પહેલું કર્તવ્ય છે. તે કરતાં જ અંતરમાંથી પરમ શાંતિનું ઝરણું આવે છે.

સમ્યગ્દર્શન ઉપરાંત ચારિત્રદશામાં નિર્વિકલ્પ શુદ્ધોપયોગ, તે અનંત આનંદરૂપ કેવળજ્ઞાનનું કારણ છે. અહો, શુદ્ધોપયોગ વડે જેઓને કેવળજ્ઞાન પ્રસિદ્ધ થયું છે તેમના પરમસુખની શી વાત? તે સુખ આત્મામાંથી જ ઉત્પન્ન છે, ઇંદ્રિયોથી પાર છે, અનુપમ છે, અનંત છે, અને વિચ્છેદ વગરનું છે. અહો, આત્માના આવા સુખની પ્રતીત કરતાં આત્માના સ્વભાવની પ્રતીત થાય છે, ને બહારમાંથી સુખબુદ્ધિ છૂટી જાય છે.

જુઓ, આવા સુખનું સાધન શુદ્ધોપયોગ જ છે, બીજું કોઈ સાધન નથી. શુદ્ધોપયોગમાં પોતાના જ્ઞાનસ્વભાવનું જ આલંબન છે; તેથી પોતાના અસાધારણ જ્ઞાન–સ્વભાવને જ કારણપણે અંગીકાર કરતાં કેવળજ્ઞાન અને પરમસુખ થાય છે.

આત્માના સ્વભાવ સિવાય બીજા કોઈને સુખનું કારણ માનવું તે તો સંસાર–તત્ત્વ છે. મિથ્યાત્વ તે સંસારતત્ત્વ જ છે. કોઈ જીવ ભલે પંચમહાવ્રતાદિ પાળે તોપણ જ્યાં મિથ્યાત્વ છે ત્યાં સંસારતત્ત્વ જ છે; ને તે જીવ દુઃખી જ છે.

આત્માનું અતીન્દ્રિયસુખ તે જ સાચું સુખ છે; ને શુભાશુભ ઉપયોગ છોડીને આવું સુખ પમાય છે. શુભાશુભને જે કર્તવ્ય માને તે કદી આત્માનું સુખ પામી શકે નહિ. શુભાશુભને છોડીને અને શુદ્ધોપયોગને આત્મસાત્ કરીને કેવળીભગવંતો અનંત આત્મસુખને પામ્યા છે. તે શુદ્ધોપયોગના ફળની પ્રશંસા કરીને આચાર્યદેવ ભવ્ય જીવોને તેમાં પ્રોત્સાહિત કરે છે....અહો, આવા સુખની વાત સાંભળતાં પણ ભવ્ય જીવને પ્રોત્સાહન ચડે છે કે વાહ! આવા સુખના કારણરૂપ શુદ્ધોપયોગ જ મારે કર્તવ્ય છે.

શુદ્ધોપયોગ વડે થતું આવું અતીન્દ્રિય સુખ જ મારે સર્વથા પ્રાર્થનીય છે; એ સિવાય સંસારમાં બીજાું કાંઈ, પુણ્ય કે તેના ફળરૂપ સ્વર્ગાદિ પણ ઇચ્છવા યોગ્ય નથી, કેમકે તેમાં કાંઈ આત્માનું સુખ નથી; પુણ્યમાં લીન થયેલા જીવો પણ આકુળતાની અગ્નિમાં બળી રહ્યા છે, ને દુઃખી છે. સુખી તો શુદ્ધોપયોગી જીવો છે.

શુદ્ધોપયોગરૂપ થયેલો આત્મા તે જ ધર્મ છે; તે જ સુખી છે; તે જ કેવળજ્ઞાન અને મોક્ષને સાધે છે. તેની પ્રાપ્તિ માટે ચેતનાથી ભિન્ન એવા અશુભ અને શુભ બધાય કષાયભાવો અપાસ્ત કરવા જેવા છે, છોડવા જેવા છે.

“હું તો જગતનો સાક્ષી, સ્વયં સુખનો પિંડલો છું. તેમાં આકુળતા કેવી? મારા સુખના અનુભવ માટે હું કોઈ બીજાને ગ્રહણ કરું કે કોઈને છોડું–એવું મારા સ્વરૂપમાં છે જ નહિ. બહારના પદાર્થો સદા મારાથી છૂટેલા જુદા જ છે, તેનું ગ્રહણ કે ત્યાગ મારામાં નથી. જ્ઞાન અને સુખસ્વરૂપ મારો આત્મા છે, તેમાં ઉપયોગની એકાગ્રતા થઈ ત્યાં શુભાશુભ પણ છૂટી ગયા ને પરમ વીતરાગસુખનો અનુભવ રહ્યો. અહો, આવી શુદ્ધોપયોગદશા જ પરમ પ્રશંસનીય છે.

મુનિધર્મ તો શુદ્ધોપયોગરૂપ છે; રાગરૂપ કાંઈ મુનિધર્મ નથી. પં. શ્રી ટોડરમલ્લજી મુનિનું સ્વરૂપ બતાવતાં લખે છે કે **जो विरागी होकर, समस्त परिग्रहका त्याग करके शुद्धोपयोगरूप मुनिधर्म अंगीकार करके, अंतरमें शुद्धोपयोग द्वारा अपनेको आपरूप अनुभव करते हैं**– આવી મુનિદશા છે; આવી મુનિદશા વગર મોક્ષ થતો નથી. અહા, ધન્ય એનો અવતાર! ધન્ય એનું જીવન! તે મુનિઓ પરદ્રવ્યમાં અહંબુદ્ધિ ધારણ કરતા નથી એટલે શરીરાદિ પરની ક્રિયાને પોતાની માનતા નથી, પોતાના જ્ઞાનાદિકસ્વભાવને જ પોતાના માને છે. રાગાદિ પરભાવોમાં મમત્વ કરતા નથી શુભરાગ થાય છે તેને પણ હેય જાણીને છોડવા માંગે છે. અશુભમાં ને શુભમાં બંનેમાં આકુળતાના અંગારા છે; ચૈતન્યની શાંતિ તો શુદ્ધોપયોગમાં જ છે.

અહો, આત્માનું સુખ જે રાગથી પાર છે તેનો સ્વાદ જીવે પૂર્વે કદી અનાદિ–સંસારમાં ચાખ્યો ન હતો. સમ્યગ્દર્શન થયું ત્યારે આત્માના અનુભવમાં તે અપૂર્વ આહ્લાદરૂપ સુખનો સ્વાદ પહેલીવાર આવ્યો. ને પછી તેમાં લીનતા વડે શુદ્ધોપયોગથી કેવળજ્ઞાન થતાં તો તે સુખ અતિશયપણે અનુભવમાં આવ્યું, આખો સુખનો દરિયો

જ ઉલ્લસ્યો. એ સુખની શી વાત? કુંદકુંદસ્વામી જેવા જેની અત્યંત પ્રશંસા કરે છે, તેવું સુખ આત્માના સ્વભાવમાં ભર્યું છે. અરે, પ્રસન્નતાથી તેની પ્રતીત તો કરો. પ્રતીત કરતાં તે પ્રગટ થશે. નાસ્તિમાંથી અસ્તિ ક્યાંથી આવશે? સત્ છે–તેની અસ્તિનો સ્વીકાર કરતાં તે અનુભવમાં આવશે.

ધર્માત્મા આવા પોતાના સ્વભાવસુખની પ્રતીત કરીને તેમાં એવા ઘૂસી ગયા કે તેમાંથી હવે બહાર આવવું ગમતું નથી; શુભમાં આવવું પડે તોપણ દુઃખ લાગે છે, ત્યાં અશુભની તો શી વાત? અરે, ક્યાં ચૈતન્યના પરમ આહ્લાદની શાંતિ, ને ક્યાં શુભાશુભરાગની આકુળતા! અતીન્દ્રિય આનંદના પાક આત્માના ખેતરમાં જ પાકે છે. અતીન્દ્રિય આનંદ પાકવાનું સ્થાન આ ચૈતન્યક્ષેત્ર જ છે, બીજે ક્યાંય તે પાકે નહીં. પહેલાં એની શ્રદ્ધાનાં બીજ વાવ તો પરમ આનંદનાં પાક પાકશે.–ભાઈ, આ બધું તારામાં જ છે. તારો આત્મા જ આવો સુખસ્વરૂપ છે....પરમશાંતિના પિંડરૂપે તું પોતાને દેખ...અનુભવ કર...એજ સાચું સુખ છે, એ જ પ્રશંસનીય ને પ્રાર્થનીય છે.

–જયપુર–પ્રવચનો આવતા અંકે પૂર્ણ થશે.

* * * * *

## જિ ન ભા વ ના

જે શુદ્ધઆત્માની ભાવના ભાવીને જીવ જિન થાય છે, તે શુદ્ધાત્માને ઓળખીને તેની ભાવના ભાવવી તે જિનભાવના છે; આવી જિનભાવના ભાવનાર જીવ સિદ્ધ થાય છે.

સ્વભાવને ભૂલીને પરભાવની ભાવના (–દેહ હું–રાગ હું એવી ભાવના) તે સંસારદુઃખનું કારણ છે અને નિજસ્વભાવની ભાવનારૂપ જિનભાવના તે પરમ સિદ્ધિસુખનું કારણ છે.

માટે હે જીવ! તું જિનભાવના ભાવ.

# સ્વસત્તાની નિર્વિકલ્પ અનુભૂતિનું વર્ણન

[ સમયસારનાટક મોક્ષદ્વાર ૨૩–૨૪ ]

સમ્યગ્દર્શન માટે આત્મસત્તાનો નિર્વિકલ્પ અનુભવ કરવાની અલૌકિક રીત સમયસારમાં આચાર્યદેવે બતાવી છે. અહા, ચૈતન્યસત્તા તો આત્મા પોતે છે. જ્ઞાનનો સૂર્ય આત્મસત્તામાં છે, તે જ્ઞાનસૂર્ય સ્વયમેવ પ્રકાશમાન છે; તે જ્ઞાનપ્રકાશમાં પોતાની સ્વસત્તા સિવાય બીજું કોઈ સાધન નથી. કોઈ શાસ્ત્રમાંથી, કોઈ ગુરુકૃપામાંથી કોઈ ઉપદેશમાંથી કે બીજે ક્યાંયથી પણ જ્ઞાન આવશે. એમ જે માને છે તે સ્વસત્તાના ચૈતન્યસૂર્યને દેખતો નથી. બાપુ! તારી સ્વસત્તાને તો જો. જ્ઞાનનો પ્રકાશ ને અમૃત જેવું અતીન્દ્રિયસુખ તારી સત્તામાં ભર્યું છે, ક્યાંય બહારથી લાવવાનું નથી.

અશુભ કે શુભ બધાય કષાયોથી પાર અંદર આનંદનો સાગર ઉછળી રહ્યો છે, તે જ તારી સ્વસત્તા છે, આવી પોતાની સ્વસત્તાનો વિશ્વાસ કરતાં સમ્યગ્દર્શન થાય છે; તે સમ્યગ્દર્શન થતાં સમ્યગ્જ્ઞાન સહિત સાચા આનંદનો નમૂનો આત્મામાં આવી જાય છે. પણ સ્વસત્તાની પ્રતીત કર્યા વગર, પરસત્તામાંથી કંઈ પણ લેવા માગે તે તો બિચારા પરાધીનપણે અશુભ કે શુભ કલ્પનાઓ વડે દુઃખી છે. અરે, વિકલ્પોથી પરાઙ્મુખ થયા વિના અને સ્વસત્તાની સન્મુખ થયા વગર સમ્યગ્દર્શન ક્યાંથી થાય? ત્રણ લોકના નાથ કહે છે કે તારી સ્વસત્તાની સન્મુખ તું થયા વગર તને સમ્યગ્દર્શન કરાવવા અમે કોઈ સમર્થ નથી. સંભાળ રે સાંભળ પ્રભુ! તારા નિધાન તારી પાસે જ છે. તારી ચૈતન્ય–સ્વાધીન સત્તામાં દેવ–ગુરુ–શાસ્ત્ર પાસે કાંઈ પણ કરાવવા માંગીશ તો તારી ચૈતન્યસત્તાને તું ભૂલીશ; ને પરસત્તાનો તું ચોર બનીશ. કેમકે પરની જે સત્તા તારામાં નથી તેને તેં ગ્રહણ કરી.....પારકી વસ્તુ ગ્રહે તો ચોર કહેવાય. 'सत्ताते निकसी और ग्रहे सोई चोर है।'

અને જે પરદ્રવ્યને જરાપણ ગ્રહતો નથી ને સ્વસત્તાની સમાધિમાં જ રહે છે તે સાધુપુરુષ છે, તે સજ્જન ધર્માત્મા છે, તે સમ્યગ્દ્રષ્ટિ છે.

તે સમ્યગ્દ્રષ્ટિ આત્મસત્તાનો નિર્વિકલ્પ અનુભવ કરે છે, તે વાત ૨૪મા શ્લોકમાં રહે છે–

જે પરમઅદ્ભુત ચૈતન્યસત્તા,—તેની અનુભવદશા નિર્વિકલ્પ છે, તેમાં કોઈ રાગ–દ્વેષ નથી, તેમાં કોઈ સ્થાપન–ઉત્થાપન નથી, તેમાં ગુરુ–શિષ્યના વિકલ્પો નથી,

તેમાં બંધ–મોક્ષના વિકલ્પો નથી, તેમાં બીજો કોઈ સ્વામી નથી ને બીજા કોઈની સેવા નથી; તેમાં હાર–જીત નથી, તેમાં કોઈનું શરણ નથી. આવી શુદ્ધસત્તાને ધર્મી અનુભવે છે.

અહા, આવી સ્વસત્તા! તેને ધર્મી જ દેખે છે. સ્વસત્તાને જ જે દેખે નહિ તેને ધર્મ કેવો? આત્માની સત્તાની અનુભૂતિમાં પુણ્ય કે પાપનો કલેશ નથી. દ્રવ્ય–ગુણ જેવી પર્યાય પણ નિર્વિકલ્પ અભેદ થઈ તેમાં કલેશ કેવો?

પોતાના સહજ ચૈતન્યતત્ત્વ સિવાય બીજા કોઈનું વેદવું જેમાં નથી, નિર્વિકલ્પ અનુભૂતિમાં પરલક્ષ જ નથી, એકલા સ્વદ્રવ્યને જ તે અવલંબનારી છે. તે પોતાના સ્વરૂપને જ અવલંબે છે.

આત્માની આ શુદ્ધઅનુભૂતિ એવી ઉપશાંતરસમાં ઠરી ગયેલી છે કે જેમાં પાપ–પુણ્યનો કલેશ નથી. અહા, હું જ્યાં મારા સ્વરૂપસન્મુખ પરિણમ્યો ત્યાં બધાય પરભાવોનો કલેશ છૂટી ગયો. કોઈ પરભાવની ક્રિયા જ તેમાં ન રહી; રાગ–દ્વેષ સ્વતત્ત્વના અવલંબનમાં નથી. અનંત સ્વભાવથી ભરેલો એકલો ચૈતન્યપિંડ જ હું છું, તે જ મારી અનુભૂતિ છે. બંધ ટાળીને મોક્ષ કરું એવો વિકલ્પ પણ તેમાં નથી. આ હું મારો અનુભવ કરું છું–એવોય ભેદ અનુભવમાં નથી; તેમાં તો એકલા સ્વરસનું વેદન છે. તેમાં પોતે જ પોતાને શરણ છે; કોઈ બીજા નું શરણ નથી. પોતા સિવાય બીજા ભગવાન ઉપર લક્ષ જ ક્યાં છે? પરમ વીતરાગતાના સ્વાદથી ભરેલી આ અનુભૂતિ તો સમાધિની ભૂમિ છે–આવી સમાધિની ભુમિમાં શુદ્ધચૈતન્યસત્તાપણે પોતે બિરાજે છે.

હે જીવો! આત્માના હિત માટે આવી અનુભૂતિનો અંતરમાં ઉદ્યમ કરો. આવી અનુભૂતિ જ મોક્ષનો આનંદ દેનારી છે. આવી અનુભૂતિ વગર મોક્ષસુખની આશા જૂઠી છે, અનુભૂતિ વડે આત્માને પરભાવથી જાુદો પાડીને જે શુદ્ધાત્માનું જ્ઞાન કર્યું તે નિઃશંકજ્ઞાન ધારાવાહી વર્તે છે. તે જ્ઞાનધારામાં રાગનું કર્તાપણું જરાય નથી. આવો અંતર્–આત્માનો માર્ગ છે.

*****

વહાલા વાંચક સાધર્મી બંધુઓ,

“આત્મધર્મ તમે અત્યંત ભક્તિથી વાંચજો; તેના મનનથી તમારા આત્મામાં અધ્યાત્મરસનું ઘોલન થશે, આત્માર્થભાવની પુષ્ટિ થશે. ઘેર બેઠા આવું ઉત્તમ વીતરાગી સાહિત્ય મળવું તે પણ મહાન ભાગ્ય છે.”

"नाटक सुनत हिये फाटक खुलत है"

# સમયસાર-નાટક દ્વારા શુદ્ધાત્માનું શ્રવણ કરતાં હૈયાનાં ફાટક ખુલી જાય છે

[ સમયસારનાટકનાં અધ્યાત્મરસઝરતા પ્રવચનોમાંથી લેખાંક–૭ ]

* * * * *

જિનશાસ્ત્રોમાં કહેલાં સાત તત્ત્વોમાંથી જીવતત્ત્વનું વર્ણન ચાલે છે. તેમાં જીવના સમતા, રમતામ, ઊર્ધ્વતા, જ્ઞાયકતા વગેરે સ્વભાવનું વર્ણન કર્યું; હવે સુખ–સ્વભાવનું વર્ણન કરે છે. સુખ કોઈ બાહ્યસંયોગોમાં નથી; સુખ તો જીવનો જ સ્વભાવ છે. સુખ જેનો સ્વભાવ છે તે જીવ છે. 'હું સુખી છું' એવો ભાસ જીવમાં જ છે, બીજા કોઈ પદાર્થમાં તેવો સુખનો ભાસ નથી.

'સુખભાસ' ના અર્થમાં જીવના સુખસ્વભાવની સિદ્ધિ કરતાં શ્રીમદ્રાજચંદ્રજીએ સરસ લખ્યું છે : શબ્દાદિ પાંચ વિષયસંબંધી, અથવા સમાધિ આદિ જોગ સંબંધી જે સ્થિતિમાં સુખ સંભવે છે તે, ભિન્ન ભિન્ન કરી જોતાં માત્ર છેવટે તે સર્વને વિષે સુખનું કારણ, એક જ એવો એ 'જીવપદાર્થ' સંભવે છે, તેથી તીર્થંકરદેવે તે સુખભાસ નામનું લક્ષણ જીવનું કહ્યું છે; અને વ્યવહારદ્રષ્ટાંતે નિદ્રાથી તે પ્રગટ જણાય છે. જે નિદ્રાને વિષે બીજા સર્વ પદાર્થથી રહિતપણું છે ત્યાં પણ 'હું સુખી છું' એવું જે જ્ઞાન છે તે બાકી વધેલ જીવપદાર્થનું છે; બીજાું કોઈ ત્યાં વિદ્યમાન નથી. અને સુખનું ભાસવાપણું તો અત્યંત સ્પષ્ટ છે. આ રીતે સુખનો ભાસ થવારૂપ લક્ષણ ભગવાને જીવ નામના પદાર્થ સિવાય બીજે ક્યાંય જોયું નથી. (બાહ્યવિષયોથી રહિતપણું સમજાવવા અહીં નિદ્રાઅવસ્થાનું દ્રષ્ટાંત છે.)

જીવ પોતે સુખસ્વરૂપ છે; પણ પોતાના સુખને જે ભૂલ્યો છે તે અજ્ઞાનથી પાંચઇંદ્રિયના વિષયરૂપ બાહ્યપદાર્થમાં સુખની કલ્પના કરે છે. તે સુખની કલ્પના કરનારો પોતે જ સુખમય છે. પાંચઇંદ્રિયના જડ વિષયો એવા ને એવા પડયા હોય પણ જો જીવ ન હોય તો? તો તેમાં સુખની કલ્પના કોણ કરે? વિષયો એમને એમ હોવા છતાં જીવ વિના ત્યાં સુખનો ભાસ થતો નથી. માટે વિષયો સુખરૂપ નથી; સુખનો ભાસ જીવ

કરે છે, અને તે પોતે જ સુખરૂપ છે. બહારમાં કોઈપણ વિષયો ન હોય, અથવા તે વિષયો વિદ્યમાન હોવા છતાં તેમાં કોઈ તરફ ઉપયોગ ન હોય, છતાં 'હું સુખી છું' એમ જીવ પોતે એકલો પોતામાં અનુભવ કરી શકે છે. માટે વિષયોની અપેક્ષા વગર જીવ પોતે સ્વભાવથી જ સુખલક્ષણરૂપ છે. ભાઈ, આવા તારા સ્વરૂપનો વિચાર તો કર! તો તને તામારાં જ તારું સુખ દેખાશે.

વળી જીવમાં 'વેદકતા' છે. વેદકતા એટલે શું? તે કહે છે : આ મોળું છે, આ મીઠું છે, આ ખાટું છે, આ ખારું છે, હું આ સ્થિતિમાં છું, ટાઢે ઠરું છું, દુઃખ અનુભવું છું,–એવું જે રસ–સ્પર્શ વગેરે વિષયોનું સ્પષ્ટ જ્ઞાન–વેદનજ્ઞાન–અનુભવજ્ઞાન–અનુભવપણું તે જો કોઈ માં હોય, તો તે આ 'જીવપદ' ને વિષે છે; અથવા પદાર્થનું આવું જ્ઞાન તે જેનું લક્ષણ છે તે 'જીવ' છે.

જડપદાર્થોમાં કાંઈ વેદકતાં નથી; જડથી ભિન્ન એવો જીવ જ વેદકસ્વભાવ–વાળો છે. સ્વભાવના આનંદને વેદે–અનુભવે તેમાં તો બાહ્યવિષયોની અપેક્ષા નથી; અને બહારમાં હર્ષ શોકાદિ ભાવને વેદતો અજ્ઞાની જીવ જડપદાર્થના રસ–ગંધ વગેરેને વેદવાનું માને છે. પણ અહીં તો એટલું બતાવવું છે કે આવું વેદકપણું જીવમાં જ છે, બીજામાં નથી. આ રીતે પરથી ભિન્ન એવા જીવતત્ત્વને ઓળખાવ્યું છે.

'ચૈતન્યતા' વડે જીવમાં સ્પષ્ટ પ્રકાશપણું છે. અનંત–અનંત કોટી તેજસ્વી દીપક–મણિ–ચંદ્ર–સૂર્યાદિની કાંતિ જેના પ્રકાશ વિના પ્રગટવા સમર્થ નથી, અર્થાત્ તે સર્વે પોતે પોતાને જાણવા અથવા જણાવા યોગ્ય નથી, જે પદાર્થના પ્રકાશને વિષે ચૈતન્યપણાથી તે પદાર્થો જાણ્યા જાય છે,–પ્રકાશ પામે છે–સ્પષ્ટ ભાસે છે, તે પદાર્થ જે કોઈ છે તે જીવ છે. એટલે સ્પષ્ટ–પ્રકાશમાન અચળ એવું નિરાબાધ પ્રકાશમાન ચૈતન્ય તે 'જીવ' છે, અને તે 'જીવ' પ્રત્યે ઉપયોગ વાળતાં પ્રગટ–સ્પષ્ટપણે દેખાય છે.

જુઓ, આ ચૈતન્યસ્વરૂપ આત્માનું સ્વસંવેદન–પ્રત્યક્ષપણું બતાવ્યું. આત્મામાં જ એવી તાકાત છે કે પોતે પોતાને તેમજ બીજાને પણ જાણે. આત્મા કઈ રીતે જણાય? કે આત્મામાં ઉપયોગ વાળે તો જ આત્મા જણાય; બીજા કોઈ ઉપાયે જણાય નહીં. આત્મા તરફ જે ઉપયોગ વળ્યો તે ઉપયોગ રાગથી જુદો છે, એટલે રાગ તે કાંઈ આત્મજ્ઞાનનું કે ધર્મનું સાધન નથી.

જગતમાં આત્મા સિવાયના જે કોઈ પદાર્થો છે તે કોઈનામાં સ્વ–પરને જાણવાનું સામર્થ્ય નથી. સૂર્ય–ચંદ્ર વગેરેનો જડપ્રકાશ હોવા છતાં પદાર્થોને જાણે છે તો જ્ઞાન;

તે જડપ્રકાશ ( અજવાળું ) કાંઈ પદાર્થોને જાણતું નથી; તે પ્રકાશનો પણ પ્રકાશક તો આ ચૈતન્યપ્રકાશી આત્મા જ છે.

અહા, ચૈતન્યપ્રકાશી આત્મા કોઈ અદ્ભુત વસ્તુ છે. અંતરમાં વિચાર કરીને સ્વાનુભવ વડે તેનો પત્તો લેવા જેવું છે.–

**‘શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન સ્વયં જ્યોતિ સુખધામ;**
**બીજું કહીએ કેટલું ? કર વિચાર તો પામ.’**

જુઓ, આમાં પણ શ્રી મદ્રાજચંદ્રજીએ જીવનું સરસ વર્ણન કર્યું છે. શુદ્ધ કહીને શુદ્ધદ્રવ્ય બતાવ્યું; બુદ્ધ કહીને જ્ઞાનસ્વભાવ બતાવ્યો; ચૈતન્યઘન કહીને અસંખ્ય–પ્રદેશથી અખંડપણું બતાવ્યું; સ્વયંજ્યોતિ કહીને સ્વસંવેદન–પ્રત્યક્ષપણું બતાવ્યું. અને સુખધામ કહીને અતીન્દ્રિય આનંદસ્વભાવનું ધામ પોતે જ છે–એમ બતાવ્યું, આવો આત્મા સ્વાનુભૂતિગમ્ય છે. વચનથી કેટલું કહેવાય ? પોતે અંતરવિચાર કરીને સ્વાનુભવ કરે ત્યારે તેની ખબર પડે. બાકી વચનના વિકલ્પથી પાર પડે તેમ નથી.

શ્રીમદ્ પોતે કહે છે કે તું તારા સામે જો. અમારી સામે જોયા કર્યે આત્મા નહીં સમજાય. જુઓને ૧૬ વર્ષ જેટલી નાની વયે પણ કેવું સરસ લખે છે !

હે જીવો !

**સ્વદ્રવ્યના રક્ષક ત્વરાથી થાઓ.**
**સ્વદ્રવ્યના વ્યાપક ત્વરાથી થાઓ.**
**સ્વદ્રવ્યના ધારક ત્વરાથી થાઓ.**
**સ્વદ્રવ્યના રમક ત્વરાથી થાઓ.**
**સ્વદ્રવ્યના ગ્રાહક ત્વરાથી થાઓ.**
**સ્વદ્રવ્યની રક્ષકતા ઉપરલક્ષ રાખો.**

હું પરની રક્ષા કરું ને પર મારી રક્ષા કરે–એવી બુદ્ધિ શીઘ્ર છોડો, ને પરથી ભિન્ન પોતાનું સહજસ્વરૂપ જે રમ્ય છે, જ્ઞાયક છે, સુખધામ છે તેને અનુભવમાં લ્યો.

હે જીવ! જેને લીધે બધું રમ્ય લાગે ને જેના વિના બધું શૂનકાર લાગે–એવો રમ્ય જીવસ્વભાવ છે, તેમાં તું રમક થા, ને પરદ્રવ્યની રમકતા શીઘ્ર છોડ.

વાહ! જીુઓ તો ખરા...જીવનો સ્વભાવ! જ્ઞાનીઓએ તેને કેવો મલાવ્યો છે. એવો મહિમા એનામાં છે, તે જ બતાવ્યો છે.

મુખ્ય એવો જે 'જાણનારો' તેના અસ્તિત્વ વિના કોઈપણ પદાર્થનું અસ્તિત્વ જાણી શકાય નહીં. જ્ઞેયપદાર્થોને સ્વીકારે પણ તેને જાણનારો હું છું–એમ પોતાના અસ્તિત્વને ન સ્વીકારે તો તેને જ્ઞાન કોણ કહે? જાણનારની સત્તા છે તો જ્ઞેયપદાર્થો જણાય છે. જ્ઞાન હોય તો જ શરીર જણાય, જ્ઞાન હોય તો જ જગતના અરિહંતસિદ્ધ વગેરે જણાય, જ્ઞાન હોય તો જ વિકલ્પો જણાય,–એ રીતે સર્વે પદાર્થોને જાણતાં જ્ઞાનની હાજરી તો પહેલી જ છે, એટલે જ્ઞાનસ્વરૂપી આત્મા જ બધામાં મુખ્ય છે; મુખ્ય એટલે ઊંચો; ઊંચો એટલે ઊર્ધ્વ. જીુઓ તો ખરા, ચેતનનો મહિમા! બધા પદાર્થોને જાણે છતાં બધાથી જીુદો રહે, જગતનો ખરો ઈશ્વર તો આવો આત્મા છે કે જેની હૈયાતી વગર કોઈ પદાર્થનું અસ્તિત્વ જણાતું નથી.

જીવ પોતાના જ્ઞાયકપણારૂપ લક્ષણ વડે જગતના બીજા બધા પદાર્થોથી જીુદો ઓળખાય છે. તે ત્રણેકાળ જ્ઞાયકપણા સહિત છે. ત્રણે કાળમાં કદીપણ જ્ઞાયકપણા વગરનો જીવ અનુભવી શકાય નહીં. આવું જ્ઞાયકપણું જીવ સિવાય બીજા કોઈ પદાર્થમાં હોતું નથી. અહો, તીર્થંકર ભગવાને કહેલા આવા જીવપદાર્થને હે જીવો! તમે અનુભવમાં લ્યો. સર્વજ્ઞ પરમાત્માએ જીવનું આવું અદભુત સ્વરૂપ બતાવ્યું છે તે તમે સમજો.

જ્ઞાયકપણા વગરનો જીવ કદી ન હોય; શરીર વગરનો જીવ હોય, રાગ વગરનો જીવ હોય, પણ જ્ઞાન વગર જીવનું અસ્તિત્વ કદી ન હોય. 'જ્ઞાયકભાવ' તે જીવ છે. સુખ ક્યાંય પણ હોય તો તે આવા જીવસ્વભાવમાં જ છે. બીજા વિષયોમાં સુખની કલ્પના કરે છે તે કલ્પના કરનારો કોણ છે? તે કલ્પના કરનારો પોતે જ સુખસ્વરૂપ છે. તેનાથી બહારમાં તો કાંઈ સુખ જ છે નહીં. તનથી અતીત, ને મનથી યે અતીત, અતીન્દ્રિય જ્ઞાનસ્વરૂપ આત્મા પોતે જ સુખનું ધામ છે, તેમાં જ સંતોને સુખ ભાસે છે, બીજે ક્યાંય કિંચિત્ સુખ ભાસતું નથી. અંતરમાં જ જીવના આવા વિલાસને હે જીવો! તમે જાણો.

# * આપના પ્રશ્નોના જવાબ *

બાળકો તથા જિજ્ઞાસુઓ તરફથી આવેલા પ્રશ્નોમાંથી ૮૦ પ્રશ્નો તથા તેના જવાબ ગતાંકમાં આપેલ છે; વિશેષ પ્રશ્નો તથા તેના જવાબો અહીં આપીએ છીએ. જિજ્ઞાસુઓ આ વિભાગમાં સારો રસ લઈ રહ્યા છે. ( આપ પણ આપના પ્રશ્નો મોકલી શકો છો. ) –સ.

( ૮૧ ) પ્રશ્નઃ–પર્યુષણ એટલે શું ? તે શા માટે અને ક્યારથી ઉજવાય છે ?

( શારદાબેન જૈન–જામનગર )

ઉત્તરઃ–આત્માના ક્ષમા વગેરે વીતરાગી ધર્મોની સર્વ પ્રકારે ઉપાસના કરવી તેનું નામ પર્યુંષણ છે; એટલે આત્માને ઓળખીને સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ જેટલો વીતરાગભાવ કરીએ તેટલા પર્યુષણ તો આત્મામાં સદાય છે. –આ ‘ભાવ–પર્યુષણ’ છે. આવા ભાવપર્યુષણ કરી–કરીને જીવો અનાદિકાળથી મોક્ષમાં જાય છે.

કાળઅપેક્ષાએ વર્ષમાં ત્રણ વખત પર્યુષણ આવે છે. માહ ચૈત્ર અને ભાદરવો એ ત્રણે માસમાં સુદ પાંચમથી ચૌદશ સુધીના દશ દિવસોને પર્યુષણના દિવસો ( અર્થાત્ ઉત્તમક્ષમાદિ દશ ધર્મના દિવસો ) ગણાય છે. અનાદિથી આ પર્વ ચાલે છે.

પર્યુષણ વગેરેના ઉત્તમ દિવસો તો અનાદિકાળથી આવે છે ને જાય છે, તેમાં જ્યારે જીવ પોતામાં સમ્યગ્દર્શનાદિ વીતરાગી ધર્મની ઉપાસના કરે ત્યારે જ તેને ધર્મનો લાભ થાય છે. ધર્મવડે કાળીચૌદશની રાતે પણ જીવ મોક્ષ પામી શકે છે. ( મહાવીર ભગવાન પણ કાળીચૌદશની રાતે જ મોક્ષ પધાર્યા હતા, તેથી તે મહાન કલ્યાણક દિવસ ગણાય છે. ) અને ધર્મ ન કરનારા ને તીવ્ર પાપો કરનારા જીવો પર્યુષણના દિવસોમાં

પણ દુર્ગતિમાં જતા હોય છે. માટે દિવસનું ખરૂં મહત્ત્વ નથી પણ આત્માના વીતરાગધર્મની ઉપાસનાનું ખરૂં જ મહત્ત્વ છે.

(૮૨) પ્રશ્નઃ– સમ્યગ્દર્શનમાં એવું શું છે કે સૌથી પહેલાં તેની જ વાત કરવામાં આવે છે?

ઉત્તરઃ–સમ્યગ્દર્શનમાં પોતાના આખા આત્માનો સ્વીકાર છે. સમ્યગ્દર્શન વગર પોતાના આત્માનું સાચું અસ્તિત્વ દેખાતું નથી. પહેલાં સિદ્ધ ભગવાન જેવડા મહાન પોતાના આત્માનો સાચો સ્વીકાર થાય તો જ જીવ ધર્મમાં આગળ વધી શકે. અને એવો સ્વીકાર સમ્યગ્દર્શનમાં જ થાય છે. માટે ધર્મમાં સૌથી પહેલાં જ સમ્યગ્દર્શનની વાત છે. જ્યાં સમ્યગ્દર્શન નથી ત્યાં ધર્મ નથી. જ્યાં સમ્યગ્દર્શન છે ત્યાં આખો આત્મા છે.

(૮૩) પ્રશ્નઃ–અરિહંતભગવાનની ભક્તિ કરવાથી શું થાય?

ઉત્તરઃ–અરિહંતભગવાનની ભક્તિ–પૂજા વગેરેમાં શુભભાવ છે તે પુણ્યનું કારણ છે. પણ અરિહંતદેવ એટલે જેને પૂરું જ્ઞાન છે ને જેને રાગ જરાય નથી–એવા આત્માનું સ્વરૂપ ઓળખતાં પોતામાં પણ જ્ઞાન અને રાગનું ભેદજ્ઞાન થઈને સમ્યગ્દર્શન થાય છે.

(૮૪) પ્રશ્નઃ–એક માણસ અનેક ચીજ ખાય છે, ત્યાં દરેક ચીજનો અલગ અલગ સ્વાદ છે–તે કોણે બતાવ્યું? જીવે કે શરીરે? જીવમાં તો તે સ્વાદ આવતો નથી તો તેણે કઈ રીતે બતાવ્યું? ને શરીર તો કાંઈ જાણતું નથી તો તેણે કઈ રીતે બતાવ્યુ? (રાજુ એમ. જૈન કલકત્તા)

ઉત્તરઃ–જીવે જાણ્યું, ને શરીરની ભાષાએ બતાવ્યું; જીવમાં એવી તાકાત છે કે પોતાથી જુદી વસ્તુને પણ તે જાણી લ્યે છે. જડ વસ્તુ આત્મામાં પ્રવેશે તો જ તેનું જ્ઞાન થઈ શકે–એમ નથી. તે ભિન્ન રહીને જ્ઞાનનું જ્ઞેય થાય છે. અને લગભગ એવો નિમિત્તનૈમિત્તિક સંબંધ છે કે જેવું જ્ઞાનમાં આવ્યું હોય તેવું વાણીમાં આવે, વિરુદ્ધ ન આવે. આમ છતાં જ્ઞાન ચેતન છે, ને વાણી જડ છે. (બીજા પ્રશ્નનો ઉત્તર પણ આ જ શૈલિથી સમજી લેવો.)

(૮૫) પ્રશ્નઃ–આત્મા ક્ષેત્રથી અખંડિત હોવાના કારણે તેના ખંડ થઈ શકે નહિ –એટલે શું?

(રસિકલાલ એચ. જૈન. મુંબઈ)

ઉત્તરઃ–આત્મા અસંખ્યપ્રદેશી હોવા છતાં તેનામાં એવું અખંડિતપણું છે કે,–

જેમ એક પેન્સીલના જુદા જુદા બે ભાગ થઈ શકે છે તેમ એક આત્માના જુદા જુદા બે ભાગ થઈ શક્તા નથી.

( ૮૬ ) પ્રશ્નઃ–કોઈને જ્ઞાન છે–જાણપણું છે પણ અનુભવ નથી, તો તે જ્ઞાન કેવું ? અને તેનું ગુણસ્થાન કર્યુ ? તે જ્ઞાન મોક્ષને માટે ઉપયોગમાં આવે ખરૂં ?

( રજની એમ. જૈન. મુંબઈ )

ઉત્તરઃ–સ્વવસ્તુનું જ્ઞાન હોય તો અનુભવ પણ હોય જ સ્વવસ્તુનું સાચું જ્ઞાન થાય ને અનુભવ ન થાય–એમ બને નહિ. જો અનુભવ નથી તો સાચું જ્ઞાન જ નથી; તે તો એકલું પરલક્ષી જાણપણું છે. જે જ્ઞાન સ્વલક્ષી છે તે તો ઉપયોગને અંતરમાં વાળીને આત્માનો અનુભવ કરે જ છે. જે જ્ઞાને શાસ્ત્ર વાંચીને કે સાંભળીને ધારણા તો કરી, પણ આત્મા તરફ ન વળ્યું–તો તે જ્ઞાન ને કોણ કહે ? એ તો અજ્ઞાન છે; એનું ગુણસ્થાન પહેલું છે. તે એકલું પરલક્ષી જ્ઞાન મોક્ષને સાધી શક્તું નથી.

આત્મા તો સ્વાનુભૂતિથી પ્રકાશે છે–એટલે કે સ્વાનુભૂતિરૂપ જ્ઞાન વડે જ આત્માની ઓળખાણ થાય છે, ને તે જ સાચું જ્ઞાન છે. તે જ્ઞાનવડે ગુણસ્થાન ચડતાં ચડતાં આત્મા કેવળજ્ઞાન પામે છે. તેથી કહ્યું છે કે–

‘ભેદજ્ઞાન તે જ્ઞાન છે; બાકી બૂરું અજ્ઞાન. ’

નીચેના ૧૦ પ્રશ્ન અને ઉત્તર ઘાટકોપર–પાઠશાળાની પરીક્ષામાંથી રજુ થાય છે–

( ૮૭ ) પ્રશ્નઃ–તમે કોણ છો ? ( ઉત્તર ) અમે જિનવરનાં સંતાન છીએ.

( ૮૮ ) પ્રશ્નઃ–તમને ભગવાન થવું ગમે કે રાજા ? ( ભગવાન )

( ૮૯ ) પ્રશ્નઃ–એક ધર્મમાતાનાં ત્રણ પુત્રોનાં નામ શું ?

ઉત્તરઃ–મંગલકુમાર, ઉત્તમકુમાર, શરણકુમાર.

( ૯૦ ) પ્રશ્નઃ–ભરતચક્રવર્તી કોના પુત્ર ? ( ઋષભદેવના )

( ૯૧ ) પ્રશ્નઃ–રાગને જૈનધર્મ કહેવાય કે વીતરાગતાને ? ( વીતરાગતાને )

( ૯૨ ) પ્રશ્નઃ–ઋષભદેવના જીવે પૂર્વે આઠમા ભવે મુનિઓને આહારદાન દીધું, તે દેખીને જે ચારતિર્યંચો ( સિંહ, વાંદરો, ભૂંડ અને નોળિયું ) ખુશી થયા, તેમનું પછી શું થયું ?

ઉત્તરઃ–બીજા ભવે તે ચારે જીવો ભોગભૂમિમાં સમ્યગ્દર્શન પામ્યા, ને પછી અંતિમભવમાં ઋષભદેવના જ દીકરા થઈને મોક્ષ પામ્યા.

(૯૩) પ્રશ્નઃ–ઋષભદેવ તીર્થંકર ક્યાં જન્મ્યા? ને ક્યારે? (અયોધ્યામાં; ફાગણવદ નોમે)

(૯૪) પ્રશ્નઃ–મંગલરૂપ ચાર છે તે કોણ? (અરિહંત, સિદ્ધ, સાધુ અને ધર્મ)

(૯૫) પ્રશ્નઃ–આત્માને આકાર હોય? (હા, અરૂપી આકાર છે.)

(૯૬) પ્રશ્નઃ–વિશ્વ જીવ છે કે અજીવ? (જીવ અજીવના સંગ્રહને જ વિશ્વ કહેવાય છે.)

(૯૭) પ્રશ્નઃ–આ સંસારમાં જીવને કોનું શરણ છે? (મીનાક્ષીબેન જૈન–વઢવાણ)

ઉત્તરઃ–આ અશરણ સંસારમાં જીવને પોતાના વીતરાગભાવરૂપ ધર્મનું જ શરણ છે; અને નિમિત્તપણે વીતરાગી દેવ–ગુરુનું શરણ છે.

(૯૮) પ્રશ્નઃ–કૈલાસ પર્વત ક્યાં છે? ત્યાં જઈને કોઈ પાછું આવી શકે?
(ભારતીબેન, મુડેટી)

ઉત્તરઃ–હાલમાં વર્તમાનગોચર ક્ષેત્રથી ઘણે દૂર (પણ આ ભરતક્ષેત્રમાં જ) ઉત્તર–પૂર્વ દિશા તરફ કોઈ સ્થળે કૈલાસગિરિ આવેલ છે. અગાઉ તો ઘણા જીવો ત્યાં યાત્રા કરવા જતા, ને પાછા આવતા; જ્યારે ભરતચક્રવર્તી છખંડ જીતીને અયોધ્યા તરફ પાછા આવતા હતા ત્યારે વચ્ચે રસ્તામાં કૈલાસગિરિ પર બિરાજમાન પરમપિતા ભગવાન ઋષભદેવના દર્શન કરવા ગયા હતા. ઋષભદેવ ભગવાન ત્યાંથી મોક્ષ પામ્યા છે. હાલમાં ત્યાં જઈ શકાતું નથી. પરંતુ પંચમકાળમાં કૈલાસગમનનો કાંઈ સર્વથા નિષેધ નથી. કદાચ તે કૈલાસપર્વતની આસપાસમાં મનુષ્યો વસતા પણ હોય. અનેક દેવો તેની વંદના કરવા આવતા હશે. આપણે પણ તેને પરોક્ષ નમસ્કાર કરીએ છીએ.

(૯૯) પ્રશ્નઃ–અરિહંત અવસ્થા શાથી પ્રાપ્ત થાય? (જનકરાય, મુડેટી)

ઉત્તરઃ–શુદ્ધરત્નત્રયવડે મોહરૂપી અરિને હણતાં અરિહંતદશા થાય છે. શુદ્ધરત્નત્રય કહો કે વીતરાગ–વિજ્ઞાન કહો.–

**મંગલમય મંગલકરણ વીતરાગવિજ્ઞાન;**
**નમું તેહ જેથી થયા અરહંતાદિ મહાન.**

(૧૦૦) પ્રશ્નઃ–મોક્ષધામ ક્યાં છે? ત્યાં કઈ રીતે જઈ શકાય? (જશવંત, મુડેટી)

ઉત્તરઃ–'મોક્ષ કહ્યો નિજશુદ્ધતા'–આત્માના જ્ઞાનાદિ સર્વે ગુણોની પૂર્ણ શુદ્ધતા થતાં સર્વે બંધન છૂટી જાય, તેનું નામ મોક્ષ છે; તે મોક્ષનું ધામ આત્મા પોતે છે. અને ભેદજ્ઞાનવડે આત્માની અનુભૂતિ કરતાં–કરતાં આનંદપૂર્વક તે મોક્ષધામમાં જવાય છે.

* * * * *

## તત્ત્વાર્થસૂત્રના પહેલા જ સૂત્રમાં-

શ્રી પૂજ્યપાદસ્વામી સર્વાર્થસિદ્ધિમાં તત્ત્વાર્થસૂત્રના પહેલા જ સૂત્રની ટીકામાં સમ્યક્ ચારિત્રની વ્યાખ્યા કરતાં કહે છે કે–'**संसारकारणनिवृत्तिं प्रत्यागुर्णस्य ज्ञानवतः कर्मादाननिमित्तयिोपरमः सम्यक्चारित्रम्। अज्ञानपूर्वकाचरणनिवृत्त्यर्थं सम्यक् विशेषणम्।**'

સંસારના કારણોને દૂર કરવા માટે ઉદ્યમવંત એવા જ્ઞાનવાન પુરુષને, કર્મ–ગ્રહણના નિમિત્તરૂપ ક્રિયાઓથી જે વિરક્તિ તે સમ્યક્ ચારિત્ર છે. અજ્ઞાનપૂર્વકના આચરણના નિષેધ માટે તેને 'સમ્યક્' વિશેષણ કહ્યું છે.

આમાં પૂજ્યપાદસ્વામીએ નીચેની વસ્તુસ્થિતિ સ્પષ્ટ કરી છે–

* કર્મગ્રહણના કારણરૂપ ક્રિયાઓથી છૂટવું–તે સાચું ચારિત્ર છે; શુભરાગની ક્રિયા તો પુણ્યકર્મના ગ્રહણનું નિમિત્ત છે, એટલે તે ચારિત્ર નથી, તે મોક્ષમાર્ગ નથી; તેનાથી પણ વિરકિત તે સમ્યક્ચારિત્ર છે, ને તે મોક્ષમાર્ગ છે.
* આવું સમ્યક્ચારિત્ર જ્ઞાનવાન પુરુષને જ હોય છે, અજ્ઞાનીને હોતું નથી.
* 'સમ્યક' વિશેષણ કહીને અજ્ઞાનપૂર્વકના આચરણનો મોક્ષમાર્ગમાંથી નિષેધ કર્યો છે, એટલે અજ્ઞાનીનું કોઈપણ આચરણ (–કોઈપણ શુભક્રિયા) તે સાચું ચારિત્ર નથી, ને તે મોક્ષનું કારણ થતું નથી.

મોક્ષશાસ્ત્રના પહેલાં જ સૂત્રમાં પૂજ્યપાદસ્વામીએ કરેલી આ સૈદ્ધાંતિક વ્યાખ્યા આખાય મોક્ષશાસ્ત્રમાં સર્વત્ર લાગુ કરીને મોક્ષમાર્ગનું સ્વરૂપ ઓળખવું જોઈએ.

# જ્ઞાન–વૈરાગ્યપોષક વિવિધ વચનામૃત

( અષાડ વદ ૮ થી શ્રાવણ સુદ બીજ )

* * * * *

* સમ્યગ્દ્રષ્ટિ ને કેવો અનુભવ હોય છે–તેની વાત છે. અમે તો ચૈતન્યસ્વભાવપણે જ આત્માને અનુભવીએ છીએ; ચેતના જ અમારું ચિહ્ન છે; આત્મસ્વભાવથી વિરુદ્ધ જે કોઈ ચિહ્ન છે તે બધાય મારાથી પૃથક્ છે, તે બધાય કર્મપક્ષમાં છે, મારાં ચૈતન્યપક્ષમાં તે નથી. એ બધા ભેદ–વિકલ્પોની જે વ્યવહારચાલ, તેનાથી અત્યંત જુદો નિશ્ચયસ્વભાવરૂપ શુદ્ધ ચિન્મુદ્રાધારક હું છું. મારા આત્માની આવી અનુભૂતિ મને થઈ છે.

* ભાઈ, આ તો આત્માર્થીની વાત છે. જેને આત્માને સિદ્ધ કરવો હોય, એટલે કે અનુભવમાં લેવો હોય–તેને માટે આ રીત છે. અરે, સંસારના બીજા વિકલ્પો તો દૂર રહ્યા, અંદર પોતામાં ને પોતામાં ‘હું કર્તા ને જ્ઞાન મારું કાર્ય’–એવા કારક–ભેદના વિકલ્પો પણ મારા ચૈતન્યના અનુભવમાં નથી. વિકલ્પો તે કાંઈ મારા ચૈતન્યની ચાલ નથી, મારી ચૈતન્યચાલમાં (ચૈતન્યપરિણતિમાં, ચૈતન્યઅનુભૂતિમાં) તે કોઈ વિકલ્પોની ચાલ નથી.

* અરે, ચૈતન્યના પોતાના અભેદ અનુભવ સિવાયનું તો બધુંય ઉથાપવા જેવું છે. આવા અનુભવના આંગણે આવવું પણ દુર્લભ છે, અંદર ઊતરીને આવો અનુભવ કરતાં પોતાને પોતાની પ્રભુતા ને અચિંત્ય મહતા ભાસે છે. જ્યાં પોતાની પ્રભુતા પોતામાં જ દેખી ત્યાં બહારથી બીજા વડે મોટાઈ લેવાની બુદ્ધિ રહેતી નથી, કેમ કે હવે તો જગતના બીજા બધા પદાર્થો કરતાં પોતાના સ્વરૂપનો જ મહિમા અધિક ભાસે છે.

* અરે, આવા ચૈતન્યસ્વરૂપના વિચારમાં રહે તો બહારના બધા ઝગડા મટી જાય. વીતરાગમાર્ગ તો પરમ શાંતિનો માર્ગ છે, તેમાં ઝગડા કેવા? જેણે આત્મા સાધવો હોય તેણે જ્ઞાન–દર્શનસ્વરૂપ એક ચિદાનંદ આત્માને જાણવો જોઈએ.

* અરે, હળવી–ફૂલ ચૈતન્યચીજ! એના ઉપર પરભાવના બોજા શા?

* હે જીવ ! બહુ થયું .....હવે બસ !...તારા સહજ સ્વભાવમાં આવી જા.

* ચિદાનંદ પ્રભુ આત્માને શરીરથી કર્મથી ને અંદરના વિકલ્પોથી ભિન્ન અંતરમાં અનુભવવો, તે મોક્ષ પામવાની રીત છે. તેનું જ ઊંડું મથન કરી કરીને પત્તો મેળવવા જેવું છે. ભાઈ, આ જીવન તો ચાલ્યું જાય છે, તેમાં અવિનાશી આત્માને પ્રાપ્ત કરી લે, તેનો અનુભવ કરી લે. 'આ હું ચૈતન્ય છું ને આ રાગાદિ ભાવો જુદા છે'–એમ ભિન્નતાના અનેકવિધ સૂક્ષ્મ વિકલ્પોને પણ આત્માના સ્વરૂપથી ભિન્ન જાણવા; ને એનાથી પણ ઊંડા જ્ઞાનલક્ષણવડે અખંડ આત્માને અનુભવમાં લેવો. અંદરના સૂક્ષ્મ વિકલ્પોને પણ બાદ કરતાં જે એકલું ચૈતન્યસ્વરૂપ પરમ શાંત વેદાય છે–તેમાં આત્મા બિરાજમાન છે; તે જ આત્મા છે, એટલે કે તે જ હું છું; એનાથી બાહ્ય બીજા કોઈ ભાવો હું નથી.

–જેને આત્માની શાંતિ જોઈતી હોય તેણે આ કર્યે છૂટકો છે. આના સિવાય બીજી કોઈ જ રીત આત્મશાંતિ માટે નથી.

* આત્માના અનુભવ માટે અંદરમાં ઘણી ધીરજ જોઈએ. આકુળતા કરે–તે કાંઈ ઉપાય નથી. જ્ઞાનમાં આકુળતા નથી, જ્ઞાન તો ધીરું છે–શાંત છે. જગતથી ઉદાસ રહીને–નિરપેક્ષભાવે પોતે પોતાના સ્વરૂપને સાધી લેવા જેવું છે.

એ જગવાસી યહ જગત ઈનસોં તોહિ ન કાજ;
તેરે ઘટમેં જગ વસે, તામેં તેરો રાજ.

અરે જીવ ! બહારનું આ જગત કે જગતના જીવો, એનાથી તારે શું કામ છે ? એની સાથે તારે કોઈ સંબંધ નથી. તું તો તેનાથી ભિન્ન છો; તારા જ્ઞાન–ઘટમાં તારી જ્ઞાનનિધિ બિરાજે છે, તેમાં તારૂ રાજ છે, તેનો તું અનુભવ કર. ભાઈ, પરની સાથે તારે શું સંબંધ છે ? દુનિયામાં કોઈ વખાણ કરે કે કોઈ નિંદા કરે તેનાથી તારે શું કામ છે ? તેમાં તારૂ કાંઈ હિત–અહિત નથી. તારા જ્ઞાનસામર્થ્યમાં આખું જગત જ્ઞેયપણે જણાઈ જાય છે, અંતરમાં આવા તારા જ્ઞાનને તું દેખ. બહારમાં જગતના જીવો સાથે તારે કાંઈ કામ નથી.

* અરેરે, દેહ તો ક્ષણે ક્ષણે મૃત્યુની સન્મુખ જઈ રહ્યો છે...અવસર તો ચાલ્યો જાય છે; અંતરમાં સન્મુખતા કર્યા વગર ક્યાંય શાંતિ નહિ થાય. જ્ઞાની તો અંતરમાં નિજસ્વભાવને ગ્રહીને શિવચાલ ચાલે છે; પોતે પોતામાં મોક્ષમાર્ગને સાધે છે.

* જેમ ચોમાસામાં જીવો વરસાદની અત્યંત આતૂરતાથી વાટ જુએ છે, જરાક વાર લાગે ત્યાં આકુળ–વ્યાકુળ થઈ જાય છે, તેમ અંદરમાં આત્મામાં આનંદની ધારાનો વરસાદ કેમ વરસે–તે માટે આતુરતા કરે, ને તેનો પ્રયત્ન કરે તો અંદર અપૂર્વ અમૃતની ધારા વરસે ને સમ્યક્ત્વાદિ ગુણોનાં અપૂર્વ પાક પાકે.–પછી તેને મોક્ષમાં જતાં કોઈ રોકનાર નથી. અહા, જેની વાત સાંભળતાં પણ આનંદ થાય એવો આ આત્મા છે. બાપુ! બહારની હોશિયારીમાં કાંઈ સાર નથી, અંદર આત્માની શાંતિના અનુભવમાં હોશિયારી પ્રગટ કરને!

* અહા, આવું પોતાનું પરમતત્ત્વ–તેની તો ગતાગમ કરતો નથી, ને બહારની ગડમથલમાં લાગ્યો રહે છે, પણ બાપુ! આ અમૂલ્ય અવસર ચાલ્યો જાય છે.

  અરે જીવ! તું અંતરમાં જા...તેમાં ઢીલ ન કર. તેમાં વાર ન લગાડ. અરે, જેની રુચિ થઈ, જેની લગની લાગી તેમાં વાર શી? આજે જ, વર્તમાનમાં અત્યારે જ તારું આત્મલક્ષ કરી લે. પ્રવચનસારમાં ઘણું ઘણું વર્ણન કરીને છેલ્લે આચાર્યદેવ કહે છે કે હે જીવો! આવા પરમાનંદમય સ્વતત્ત્વને આજે જ તમે અનુભવો. અનેકાંતમય જિનશાસનના વશે તમે ચૈતન્યસ્વરૂપ આત્માને આનંદસહિત હમણાં જ અનુભવો...અત્યારે જ તમારા પરિણામને અંતર્મુખ કરીને આત્માના પરમ–સ્વભાવને શ્રદ્ધા–જ્ઞાનમાં લ્યો.

* જુઓ, ઋષભદેવ વગેરે છ જીવોને ભોગભૂમિમાં સમ્યકત્વનો ઉપદેશ આપતાં મુનિવરોએ પણ એમ જ કહ્યું હતું કે હે જીવ! તું હમણાં જ સમ્યકત્વને ગ્રહણ કર. અત્યારે જ તેની લબ્ધિનો સ્વકાળ છે. (**तत् गृहाण अद्य सम्यक्त्वं तत् लाभे काल एष ते।**) અને તે ઋષભાદિ છ જીવો પણ તરત જ તત્ક્ષણે અંતરમાં ઊતરીને સમ્યગ્દર્શન પામી ગયા. (આ પ્રસંગનું ભાવભીનું ચિત્ર સમ્યગ્દર્શન ભાગ ૪ ના પૂંઠા પર આપ જોઈ શકશો; સોનગઢ–જિનમંદિરમાં પણ તે ચિત્ર છે.)

* * * * *

આત્માનો સ્વાનુભવ થતાં સમકિતી જીવ કેવળજ્ઞાની જેટલો જ નિઃશંક જાણે છે કે આત્માનો આરાધક થયો છું ને પ્રભુના માર્ગમાં ભળ્યો છું. સ્વાનુભવ થયો ને ભવકટી થઈ ગઈ; હવે અમારે આ ભવભ્રમણમાં રખડવાનું હોય નહિ. આ રીતે અંદરથી આત્મા પોતે જ સ્વાનુભવના પડકાર કરતો જવાબ આપે છે.

## * અમારો આફ્રિકાનો પત્ર *

આફ્રિકામાં આપણા સેંકડો મુમુક્ષુ ભાઈઓ વસે છે, દર વર્ષે હજારો ધાર્મિક પુસ્તકો મંગાવીને હોંશથી વાંચે છે, આત્મધર્મ પણ મંગાવે છે, સોનગઢના વાતાવરણથી પરિચિત રહીને દરેક પ્રસંગે પોતાના તરફથી ઉત્સાહભર્યો સન્દેશ મોકલવાનું પણ ચુકતા નથી; ત્યાંના એક આગેવાન મુમુક્ષુ ભાઈશ્રી ભગવાનજી કે. શાહ (જેમણે સોનગઢમાં પરમાગમ–મંદિરનું શિલાન્યાસ કર્યું હતું) તેઓ ગુરુદેવ પ્રત્યે ઘણી ભક્તિપૂર્વક પોતાના ઉલ્લાસભરેલા પત્રમાં મોમ્બાસાથી લખે છે કે–

અહીં રેકોર્ડિંગમશીનથી ગુરુદેવના પ્રવચનો સાંભળતાં આનંદ થાય છે. વિશેષમાં આત્મધર્મની જુની ફાઈલો શરૂઆતથી વાંચીએ છીએ, તેમાં મુખ્ય લખાણો સાથે સમાચારો તથા સોનગઢમાં થઈ રહેલ સત્ધર્મ–પ્રભાવના અને ગુરુદેવના અમૃતવચનો વાંચતાં ૨૮ વર્ષનું બધું નજરે દેખાય છે. ખરેખર, આત્મધર્મ અમારા માટે દીવાદાંડી સમાન માર્ગદર્શક ઝળકતો દીવો છે; તેનો પ્રકાશ દૂરદૂરના ભવ્યજીવોને પણ આત્માના ધર્મનો માર્ગ બતાવે છે. જ્ઞાનકળાનો સંગ્રહ અને ખજાનો આત્મધર્મના અંકોમાં ભરપૂર ભર્યો છે; મુખ્ય મુખ્ય પ્રભાવનાના વિષયો કોઈપણ રહી ગયા ન હોય એવી કાળજીથી સંગ્રહ કરેલ છે. આ ફાઈલો વાંચતાં અને પહેલાંના પ્રસંગો જાણતાં રોમાંચ ખડા થઈ જાય છે, જાણે આખા સોનગઢનો આટલા વર્ષોનો ઈતિહાસ નજર સામે દેખાય છે. ખરેખર આત્મધર્મના એકેક અંકમાં અમૂલ્ય ખજાનો અને શાસ્ત્રોનો નીચોડ છે. આ બધો પ્રતાપ અને ઉપકાર પૂ. ગુરુદેવશ્રીનો છે. આવા અમૂલ્ય ખજાનાનું જે કોઈ વાંચન–મનન કરશે તેને અનેક વર્ષોનો એકઠો થયેલો સંગ્રહ થોડા વખતમાં જાણવા–સમજવા મળશે ને સત્ધર્મની ભાવના જાગૃત થશે. પૂ. ગુરુદેવના અંતરના ભાવોનો આપે પરિશ્રમપૂર્વક આત્મધર્મમાં જે સંગ્રહ અને સંકલના કરી છે તેનો લાભ હજારો વર્ષો સુધી જિજ્ઞાસુઓને મળતો રહેશે. આ કાર્યમાં ખૂબ ઉત્સાહ બદલ ધન્યવાદ!

(–ભગવાનજી કચરાભાઈ શાહ)

### યાદ આવે છે અકંપમુનિરાજ...યાદ આવે છે વિષ્ણુમુનિરાજ

શ્રાવણ સુદ પૂર્ણિમા...વાત્સલ્યનું મહાન પર્વ...ધર્મરક્ષાનું મહાન પર્વ...એ દિવસ નજીક આવે છે ને અંતરમાં વાત્સલ્યની, ધર્મપ્રેમની, સાધર્મીસ્નેહની અવનવી ઉર્મિઓ જગાડે છે. ધન્ય એ આરાધનામાં અડોલ અકંપ મુનિવરો, ધન્ય એ વત્સલવંતા મુનિરાજ...ને ધન્ય એ હસ્તિનાપુરીના ધર્મપ્રમી શ્રાવકો. તે સૌને વાત્સલ્યાદિ અષ્ટાંગ સહિત સમ્યક્ત્વની આરાધનાપૂર્વક નમસ્કાર હો.

(આવતા અંકે વાત્સલ્યઅંગની કથા રજુ થવાની હોવાથી અત્રે વિશેષ નથી લખતા.)

## "દેખોજી, યહ જિનશાસન હૈ!"

શુદ્ધાત્મસન્મુખ થયેલી ભાવશ્રુતપર્યાય તે અતીન્દ્રિય છે, તે રાગ વગરની છે, તેને જૈનશાસન કહ્યું છે ને તેને જ આત્મા કહ્યો છે. જ્ઞાનસ્વરૂપ આત્માને અનુસરીને જે જ્ઞાનદશા થઈ તેને આત્મા કહ્યો. આવા જ્ઞાનની અનુભૂતિ તે આત્માની જ અનુભૂતિ છે, કેમકે જ્ઞાન અને આત્મા કાંઈ જુદા નથી. આવા અભેદ જ્ઞાયકસ્વભાવ તરફ જે જ્ઞાનપર્યાય ઝુકી તે જ્ઞાનમાં સામાન્યનો આવિર્ભાવ છે; તે જ્ઞાને અંતર્મુખ થઈને સામાન્યનું અવલંબન કર્યું છે; તેમાં બીજા કોઈની રાગની કે વિકલ્પની ભેળસેળ નથી; તેમજ આ સામાન્ય અને આ તેનું અવલંબન લેનારી પર્યાય–એવા ભેદ પણ તે અનુભૂતિમાં નથી. અનુભૂતિના નિર્વિકલ્પરસમાં આખો આત્મા પરમ ચૈતન્યભાવે ઉલ્લસે છે. આવા એકલા જ્ઞાનમાત્રનો અનુભવ કરનાર જીવે સમસ્ત જિનશાસનને દેખી લીધું.

(–અમદાવાદ : સ. ગા. ૧૫ ના પ્રવચનમાંથી)

* રામગઢ (सीकर–राजस्थान)થી પંડિત શ્રી ઇન્દ્રચંદ્રજી શાસ્ત્રી બે હજાર રૂ.ના ડ્રાફ સાથે લખે છે કે–કોઈ તીર્થંકર ભગવાનનું જીવનચરિત્ર છપાવીને આત્મધર્મ–બાલવિભાગના બાળકોને ભેટ આપવા માટે આ રકમ મોકલી છે. તેઓ બાલ–સાહિત્ય પ્રત્યે ખાસ પ્રેમ ધરાવે છે. અગાઉ પણ તેમણે ભગવાન ૠષભદેવનું જીવનચરિત્ર બાળકોને ભેટ આપવા રૂ. ૧૨૦૦ મોકલ્યા હતા. ધાર્મિક બાલસાહિત્યના પ્રચારની ઉત્તમ ભાવના માટે તેમને ધન્યવાદ!
* અજમેરથી કવિ मूला (વિમલ પ્રકાશ જૈન) લખે છે કે જૈનબાલપોથી દૂસરા ભાગ મિલા; રચનાશૈલી ઔર જૈનધર્મકે પ્રચારકે તરીકે સચમુચ હી પ્રશંસનીય હૈ.
* સોનગઢમાં શિક્ષણવર્ગ ઉલ્લાસભર્યા વાતાવરણમાં ચાલી રહ્યો છે. આખો દિવસ અધ્યાત્મચર્ચા અને ધાર્મિકપ્રવૃત્તિનું વાતાવરણ રહે છે. પ્રવચનોમાં પણ શાંત–રસની ધારા વરસે છે. સવારે નિયમસાર અને બપોરે સમયસારનાટક વંચાય છે.

  શિક્ષણવર્ગ પૂરો થયા બાદ શ્રાવણ વદ ૧૩ ને બુધવારથી શરૂ કરીને ખાસ પ્રવચનના આઠ દિવસો, અને ત્યારબાદ ગુરુવાર (ભાદરવા સુદ પાંચમ) થી પર્યુષણવર્ષ–દશ લક્ષણીધર્મના દિવસોનો પ્રારંભ થશે.
* આત્મધર્મનું નવું વર્ષ કારતક માસથી શરૂ થશે. પર્યુષણ દરમિયાન આપનું નવું લવાજમ (ચાર રૂપિયા) મોકલી આપશોજી. વહેલું લવાજમ ભરવાથી વ્યવસ્થામાં ઘણી સુગમતા રહે છે.

# વૈરાગ્ય સમાચાર

* રાજકોટના ભાઈશ્રી મોહનલાલ મગનલાલ તુરખિયા અચાનક મેનેનજાઈટીસની બિમારીથી અષાડ વદ ૧૩ના રોજ અમદાવાદ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ સોનગઢમાં રહીને સત્સંગનો લાભ લેતા, તેમજ બોર્ડિંગ તથા સમિતિની વ્યવસ્થામાં પણ તેમણે સેવા આપેલ, સાહિત્યપ્રચારની ભાવનાથી પોતાની મુડીનું એક ટ્રસ્ટ પણ તેમણે બનાવેલું; મૃત્યુના પાંચ છ દિવસ પહેલાં સોનગઢથી તેઓ રાજકોટ તથા અમદાવાદ ગયેલા, ત્યાંનું કામ પતાવીને તેઓ સોનગઢ આવવા બસસ્ટેશને પણ આવ્યા; ત્યાં એકાએક ઊલ્ટી થતાં અમદાવાદ રોકાઈ રહ્યા ને બે દિવસની માંદગીમાં તો સ્વર્ગવાસ પામી ગયા.
* રાજકોટ (હાલ સોનગઢ)ના ભાઈશ્રી મગનલાલ સુંદરજીના ધર્મપત્ની શ્રી પ્રભાબેન તા. ૧૬–૭–૭૧ના રોજ મુંબઈ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ ભદ્રિક હતા, ને સોનગઢ રહીને સત્સંગનો લાભ લેતા હતા.
* વઢવાણ શહેરના રજપૂત ભાઈશ્રી કનુભાઈના પિતાજી લઘરાભાઈ (ઉ. વર્ષ ૮૫) તા. ૫–૭–૭૧ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. શ્રી કનુભાઈ હંમેશા જિનમંદિરે આવે છે, ને મુમુક્ષુમંડળમાં રસ લ્યે છે. જિનમંદિરે આવીને તેમણે કહેલું કે મારા ખરા નાતીલા ને સ્નેહી તો તમે સૌ સાધર્મી જ છો.
* જામનગર મુકામે શાંતિલાલ જીવાભાઈ સુતરીઆ (ઉ. વ. ૬૦) અષાડ વદ ૧૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે; તથા કેશવલાલ દેવચંદના પુત્ર જયંતિલાલ (ઉ. વ. ૩૫) અષાડ વદ અમાસે રેલ્વે અકસ્માતમાં સ્વર્ગવાસ પામ્યા છે. તથા રૂક્ષ્મણીબેન (ઉ. વ. ૬૫) તે નરેન્દ્રકુમાર ડાયાલાલના માતુશ્રી તા. ૧–૭–૭૧ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

–સ્વર્ગસ્થ આત્માઓ વીતરાગી દેવ–ગુરુ–ધર્મના શરણે આત્મહિત પામો.

સંસારમાં આવા પ્રસંગો બન્યા જ કરતા હોય છે. એટલે તો કહ્યું છે કે– **'जगत् अस्थिरम्।'** હમણાં સોનગઢમાં પણ (સિમિત સામે રહેતા) ભટ્ટીબ્રધર્સવાળા હરિસિંહભાઈના યુવાન પુત્ર ગંભીરસિંહભાઈ ખટારા અકસ્માતમાં કરૂણાજનક અવસાન પામ્યા. અનેક દિવસ સુધી કરૂણા અને વૈરાગ્યનું વાતાવરણ કહ્યું. ગુરુદેવ તો હમણાં પ્રવચનમાં રોજ બેચાર વાર પરમ વૈરાગ્યપૂર્વક કહે છે કે ભાઈ! તું આત્માનો વિચાર કર! આ અમૂલ્ય અવસર ચાલ્યો જાય છે. આ દેહ તો ક્ષણેક્ષણે મૃત્યુની સન્મુખ જઈ રહ્યો છે. માટે અરે જીવ! અંતર્ સન્મુખ થા...વાર ન લગાડ. તેમાં પ્રમાદ કરવા જેવું નથી.

આત્માના હિતનો આવો અવસર, અને આવા દેવ–ગુરુ–ધર્મનો સુયોગ મહાભાગ્યે મળે છે. માટે બહારની બધી ગડમથલ મુકીને જીવનમાં સમ્યગ્દર્શન કરી લેવા જેવું છે.

## પ્રાર્થના

શાસ્ત્રાભ્યાસો જિનપતિનુતિઃ સંગતિ સર્વદાર્યેઃ
સદ્‌વૃત્તાનાં ગુણગણકથા દોષવાદે ચ મૌનમ્;
સર્વસ્યાપિ પ્રિયહિતવચો ભાવના ચાત્મતત્ત્વે,
સમ્પદ્યંતાં મમ ભવભવે યાવદેતેઽપવર્ગઃ।।

જિનેન્દ્રભગવાનની પૂજા કર્યા બાદ આપણે ઇષ્ટ પ્રાર્થના કરીએ છીએ કે હે દેવ! હું મોક્ષ પામું ત્યાં સુધી મને સદાય વીતરાગ શાસ્ત્રનો અભ્યાસ હો, જિનવરદેવના ચરણોનું સદાય સેવન હો, આર્ય સત્પુરુષોની સદા સંગતિ હો, સદાચારી પુરુષોના ગુણસમુહની પ્રશંસા–કથા હો, દોષવાદમાં મૌન રહું એટલે કે કોઈની નિંદા ન કરું; સર્વેજનો પ્રત્યે પ્રિયકારી અને હિતકારી વચનો બોલું અને નિરંતર આત્મતત્ત્વમાં ભાવના કરું,–આટલું મને મોક્ષ થતાં સુધી ભવભવમાં પ્રાપ્ત હો.

## બોધિ –ભાવના

હે જિનેન્દ્ર! તારા ચરણો મારા હૃદયમાં રહો અને મારું હૃદય તારા બન્ને ચરણોમાં લીન રહો;–ક્યાં સુધી? કે નિર્વાણની પ્રાપ્તિ થાય ત્યાં સુધી.

જગતના બંધુ એવા હે જિનવરદેવ! તારા ચરણના શરણવડે મને દુઃખનો ક્ષય થાઓ, સમાધિમરણની અને રત્નત્રયરૂપ બોધિની પ્રાપ્તિ થાઓ.

વાહ! કેવી સુંદર ભાવના છે!

## મુમુક્ષુની ભાવના


આ પરભાવરૂપી કીચડથી ભરેલા સંસાર–માંથી છૂટવા મુમુક્ષુજીવ ભાવના ભાવે છે–

આગમકે અભ્યાસમાંહી પુનિ
ચિત્ત એકાગ્ર સદીવ્ લગાઉં;
સંતનિકી સંગતિ તજીકે મૈં
અંત કહૂં ઇક ક્ષિન નહીં જાઉં.
દોષવાદમેં મૌન રહૂં ફિર
પુણ્યપુરુષ ગુણ નિશદિન ગાઉં,
રાગદ્વેષ સબહીકો ટારી,
વીતરાગ નિજભાવ બઢાઉં.
બાહિજદૃષ્ટિ ખેંચકે અંતર
પરમાનંદ સ્વરૂપ લખાઉં;
ભાગચંદ શિવપ્રાપ્ત ન જૌલોં
તૌલોં તુમ ચરણાંબુજ ધ્યાઉં.

## અબ નિરભય પદ પાયા ઉરમેં

સુનકર વાણી જિનવરકી મ્હારે
હરષ હિયે ન સમાયજી....
કાલ અનાદિકી તપન બુઝાઈ
નિજનિધિ મિલિ અઘાયજી....
સંશય ભર્મ વિપર્જય નાસ્યા
સમ્યક્ બુદ્ધિ ઉપજાયજી....
અબ નિરભય પદ પાયા ઉરમેં
વંદૂં મન–વચ–કાયજી....
નરભવ સુફલ ભયા અબ મેરા
બુધજન ભેટંત પાયજી....

# ‘અપૂર્વતામાં આવી જા’




હે જીવ! નીચલા પાંચ પગથિયાં તો તું વટાવી ગયો; ને પંચપરમેષ્ઠીની સેવા સુધી પહોંચી ગયો; હવે ખરા જરૂરી ઉપલા ચાર અપૂર્વ પગથિયાં ચડવાનો ઉદ્યમ કર. કદાચ એકસાથે ચાર પગથિયાં ન ચડી શકાય તો એક પગથિયું તો જરૂર ચડીને ‘અપૂર્વતામાં આવી જા.’

卐 卐 卐

પ્રકાશકઃ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર) પ્રત : ૨૮૦૦
મુદ્રક : મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય : સોનગઢ (સૌરાષ્ટ્ર) શ્રાવણ : (૩૩૪)